# ઝિયારતે આશૂરા

## પઢવાના ફાયદા અને આ'માલે આશૂરા

: પ્રકાશક :


## હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર (ગુજરાત-ઈન્ડીયા)

ફોન : ૦૨૭૮-૨૫૧૦૦૫૬, ૨૪૨૩૭૪૬

Website : www.hajinaji.com, E-mail : hajinajitrust@yahoo.com

Facebook : www.facebook.com/hajinajitrust

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | ઝિયારતે આશૂરા પઢવાના ફાયદા અને આ'માલે આશૂરા |
| પ્રકાશક | : | હાજી નાજી મેમોરિલય ટ્રસ્ટ |
| આવૃત્તિ | : | (બારમી) માર્ચ – ૨૦૧૪ |
| નકલ | : | ૧૦૦૦ |
| હદિયો | : | રૂા.૪૦/- |


## પ્રાપ્તિ સ્થાન

| | | | |
|---|---|---|---|
| ભાવનગર | : | હાજી નાજી મેમોરિલય ટ્રસ્ટ | ફોન : ૨૫૧૦૦૫૬ |
| ભાવનગર | : | બરકતભાઇ કેબીનવાળા | મો. : ૯૯૨૪૮૦૨૮૪૬ |
| મુંબઇ | : | ઇસ્નાઅશરી બુક ડીપો, ડોંગરી | ફોન : ૨૩૪૩૫૨૧૫ |
| મુંબઇ | : | પંજેતની કેસેટ એન્ડ બુક સેન્ટર | મો. : ૯૮૧૯૬૩૭૩૭૦ |
| મુંબઇ | : | રાહેનજાત માસીક | ફોન : ૨૩૪૬૦૬૧૪ |
| અમદાવાદ | : | શબ્બીરભાઇ નૂરાની | મો. : ૯૩૭૬૧૬૮૩૦૬ |
| અમદાવાદ | : | એહમદભાઇ માસ્ટર | મો. : ૯૮૯૮૩૩૯૨૭૯ |
| વડોદરા | : | અય્યુબભાઇ ટીનવાલા | મો. : ૯૪૨૮૮૮૧૪૭૨ |
| કાણોદર | : | અલ નજફી ઇસ્લામીક બુક સેન્ટર | મો. : ૯૮૯૮૭૫૦૨૬૪ |
| મહુવા | : | અલમદાર બુક ડીપો | મો. : ૯૨૭૫૧૧૦૬૩૦ |
| મેતા | : | ઝયનબિયા ઇસ્લામીક લાઇબ્રેરી | મો. : ૯૮૯૮૩૬૯૦૮૯ |

# અર્પણ

આ મૂલ્યવાન કૃતિ ઝિયારતે આશૂરા પઢવાના ફાયદાઓ અને આ'માલે આશૂરા ને ઇમામે મઝલૂમના માદરે ગિરામી જનાબે સય્યદા (સ.અ.)ની કબ્રે મુબારકથી આખરી રૂખ્સતી સમયે ઇમામના સલામના જવાબમાં દર્દનાક અવાઝ આવી કે યા મઝલુમલ ઉમ્મે... યા શહીદલ ઉમ્મે... યા ગરીબલ ઉમ્મે... અય મા ના મઝલુમ... અય મા ના શહીદ... અય મા ના ગરીબ બેટા... તારી દુઃખ્યારી માતાના તારા ઉપર સલામ હો. એ મઝલુમ મા ને...

સાદિકે આલે મોહમ્મદ હઝરત ઇમામે જઅ્ફરે સાદિક (અ.સ.) કે જેમણે આ ઝિયારત નકલ કરી અને અહલેબૈતના ચાહકોને તેના ફાયદાઓથી

પરિચિત કર્યા તે ઇમામને...

અને હઝરતે વલી અસ્ર (અ.સ.)ને (અમારી જિંદગી આપના ઉપર કુરબાની થાય) કે જેમણે વારંવાર આ ઝિયારત પઢવાની તાકીદ કરી અને તેની મહત્વતા ભારપૂર્વક સમજાવી તે ઇમામને...

અને ઇમામે મઝલૂમના એ મુખ્લીસ ઝાઇરોને કે જેઓએ બની ઉમય્યા અને બની અબ્બાસની ઝાલિમ હુકૂમતોના જમાનામાં સખ્તીઓ અને પાબંદીઓને નજર અંદાઝ કરી જાન માલની પરવાહ કર્યા વગર રણ વગડાઓમાં મુશ્કેલીઓ ભર્યા રસ્તાઓ ઊપર મુસાફરી કરી ઇમામે મઝલૂમની ઝિયારતથી મુશર્રફ થયા તેઓ સૌને આ કિતાબ અર્પણ કરૂં છું.

લી. ગુલામ હુસૈન એમ. મેઘાણી

મેનેજીંગ ટ્રસ્ટી, હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૦૧ | ઝિયારતે માઅ્સૂમીન (અ.સ.)ની ફઝીલતો |
| ૦૨ | બીજો ચમત્કારીક બનાવ |
| ૦૩ | રોઝીનો જામીન |
| ૦૪ | કાશ, હું રોજ ઝિયારતે આશૂરા પઢતો હોત |
| ૦૫ | મોતની સાથે લડત |
| ૦૬ | બીજી એક આરઝૂ |
| ૦૭ | મૌતના ફરિશ્તા (મલેકુલ મૌત) સાથે વાતચીત |
| ૦૮ | વલીએ અસ્ર માટે ઝિયારતે આશૂરા પઢવી |
| ૦૯ | આખેરત માટે સારામાં સારૂ કામ |
| ૧૦ | નસીબદાર બાનુ |
| ૧૧ | '.....અમો તમારા કાર્યોથી ગાફિલ નથી.' |
| ૧૨ | ગૈબી મદદ |
| ૧૩ | ઝિયારતે આશૂરાનો પડદો |
| ૧૪ | ભૂલાઇ ગયેલ માનતા |
| ૧૫ | ઘરમાં રોશની |

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧૬ | સલાહ |
| ૧૭ | રોગચાળો |
| ૧૮ | મૂંઝવણમાં પડેલો મુસાફર |
| ૧૯ | દુઆએ તવસ્સુલ અને ઝિયારતે આશૂરા |
| ૨૦ | બહેન માટે ખુશખબર |
| ૨૧ | ઇમામનો ગમ |
| ૨૨ | ડો. મોહમ્મદ હાદી (ર.અ.)નું સ્વપ્ન |
| ૨૩ | મોહીબ્બે અહલેબૈતના સલામ |
| ૨૪ | છેલ્લી ઇચ્છા |
| ૨૫ | લગ્નનો પ્રસ્તાવ |
| ૨૬ | મુર્દાઓની ઇદ |
| ૨૭ | મુસીબતો |
| ૨૮ | મૌતનું સ્વપ્ન |
| ૨૯ | કરજ અદા કરવા બાબત |
| ૩૦ | બધા એક જ જગ્યા ઉપર |

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૩૧ | અસાધ્ય રોગ |
| ૩૨ | અવિશ્વાસુ મુસાફર |
| ૩૩ | ૪૦ વિદ્યાર્થીઓની પસંદગી |
| ૩૪ | ‘મા ઊઝેય નબીય્યુન....’ |
| ૩૫ | આયતુલ્લાહ બેહજતીની દૂરઅંદેશી |
| ૩૬ | હિદાયત |
| ૩૭ | બે નકાબપોશ માણસો |
| ૩૮ | એક બીજો પ્રસંગ |
| ૩૯ | ઝિયારતે આશૂરા |
| ૪૦ | દુઆએ અલ્કમા |
| ૪૧ | ઝિયારતે આશૂરા ગૈર મઅરૂફ |
| ૪૨ | આશૂરાના દિવસે પાછલા પહોરની ઝિયારત |
| | |
| | |
| | |

# **ખાસ નોંધ**

જે કોઇ ઝિયારતે આશૂરા પઢે અને એક વખત "**...અલ્લાહુમ્મલે અન અવ્વલ ઝાલેમીન...**" છેલ્લે સુધી પઢે. પછી "**અલ્લાહુમ્મલે અનહુમ જમીઆ તિસઅવ વ તિસઈન મર્રહ**" કહે અને તે પછી "**અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહ....**" છેલ્લે સુધી પઢે. પછી કહે કે

**"અસ્સલામો અલલ હુસૈન વ અલા અલીયિબ્નિલ હુસૈન વ અલા ઔલાદિલ હુસૈન વ અલા અસ્હાબિલ હુસૈન તિસઅવ વ**

તિસઈન મર્રહે...”

જાણે કે ૧૦૦ વખત લઅનત અને સલામ સંપૂર્ણ રીતે પઢી હોય તેવો સવાબ તેને મળશે. આ રિવાયત અલ-ગદીરના લેખક અલ્લામા અબ્દુલહુસૈન એહમદ અમીની નજફી (રિઝવાનુલ અલય્હે) એ ઇમામે હાદી (અલય્હિસ્સલામ) થી નકલ કરી છે. (આદાબુઝઝાએર પે.નં. ૬૦)

– મુન્તખબ સહીફએ મહદીયાના હાંસિયા પરથી (પેજ નં. ૪૦૭)

નશ્રે હાઝીક (કુમ-ઇરાન)

અનુક્રમણિકા

# ઝિયારતે મઅ્સૂમીન (અ.સ.) ની ફઝીલતો

શિયાઓનું માનવું છે કે એહલેબૈત (અ.સ.) ઝમીન ઉપર અલ્લાહના નુમાઇન્દા છે અને તેઓ અલ્લાહ તરફથી હુજ્જત છે. તેઓ દેખાતી તથા વણદેખાતી દરેક ચીજ ઉપર કુદરત રાખે છે. ફકત તેઓજ અલ્લાહ તરફનો ઝરીઓ છે અને તેના (ખુદાના) સંતોષ તરફનો રસ્તો છે. અને ઝિયારતે જામેઅહમાં બરાબર આ પ્રમાણે જ કહેલ છે. કફત તમોજ દરેક ચીજના શરૂઆત અને અંત છો. ફક્ત તમારા થકી જ આસમાન વરસાદ માટે ઉઘડે છે.

બેશક, આ અલ્લાહના પસંદ કરેલા બંદાઓ કે જેઓ પોતાના ચાહવાવાળાઓને ગમ અને તકલીફમાં તજી નથી દેતા. અને તેઓના ચાહકો પણ

તેઓના વફાદાર છે.

ઝિયારતે મઅ્સૂમીન (અ.સ.) અને તેની ચાહત એવો કિંમતી ખજાનો છે કે જેના માટે અલ્લાહે અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) ના શિયાઓને જ ચૂંટી કાઢ્યા છે. ઝિયારત મોટામાં મોટી ઇજ્જત છે જે દુનિયા તથા આખેરતમાં બહુ જ મદદગાર પુરવાર થાય છે. દરેક માનનારના દિલમાં આ અઝીમ ઇબાદતની તમન્ના હોય છે.

ચાલો, આપણે આ તમન્ના અમલમાં મૂકવા માટે મઅ્સૂમીન (અ.સ.)ની મદદ ચાહીએ.

## (૧) રસૂલે ખુદા (સ.અ.વ.)ની ઝિયારતની ફઝીલતો

કુરબુલ અસ્નાદમાં હમૈરીથી ઇમામે જઅ્ફરે સાદિક (અ.સ.)થી રસૂલે ખુદાની ઝિયારતની

ફઝીલત બાબતે રિવાયત છે કે :

‘જે મારી હયાતી અને મારી વફાત પછી મારી ઝિયારત માટે આવશે તેના માટે કયામતના દિવસે ભલામણ કરીશ.’

બીજી એક રિવાયતમાં, જ. ફાતેમા ઝહેરા (સ.અ.) એ ખુશ ખબરી આપી છે કે અલ્લાહ તે શખ્સ માટે જન્નત વાજિબ કરી દેશે જે રસૂલે ખુદા (સ.અ.વ.)ની ઝિયારત આપની હયાતીમાં અથવા આપની વફાત બાદ કરશે.

બીજી એક ભરોસાપાત્ર હદીસમાં અબ્દુલ્લા બિન અબ્બાસ બયાન કરે છે કે રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે :

જે કોઇ ઇમામ હસન (અ.સ.)ની ઝિયારત માટે જન્નતુલ બકી આવશે તો તેના પગ સિરાતના

પુલ ઉપર મજબૂત રહેશે, જયારે બીજાઓના પગ ધ્રુજતા હશે.

મુકન્ના નામની કિતાબમાં ઇમામે સાદિક (અ.સ.) થી ઇરશાદ છે કે : જે કોઇ અમારી કબ્રની ઝિયારત કરશે, ખુદા તેના ગુનાહ માફ કરી દેશે અને તેને ક્યારેય ગરીબી અને મુસીબતોનો સામનો કરવો નહી પડે.

શેખ તૂસી (ર.અ.)એ ઇમામ હસન અસકરી (અ.સ.) થી રિવાયત કરી છે કે :

જે કોઇ ઇમામે સાદિક (અ.સ.) અને તેઓના પિતાશ્રી ઇમામે મોહમ્મદ બાકર (અ.સ.)ની ઝિયારત કરશે તો તેને આંખની તકલીફ નહીં થાય તથા તેનું મરણ બીમારીથી નહીં થાય.

ઇબ્ને કુલ્વૈય (અ.ર.) થી ઇમામે સાદિક

(અ.સ.)ની એક લાંબી રિવાયત છે કે :

એક શખ્સે ઇમામે સાદિક (અ.સ.)ને પૂછયું : શું તમારા વાલિદે બુઝુર્ગવારની ઝિયારત કરવી જોઇએ ? ઇમામ (અ.સ.) એ કહ્યું કે : હા, તે શખ્સે ઝિયારત ના સવાબ બાબત પૂછયું તો ઇમામ (અ.સ.) મે ફરમાવ્યું, તેના માટે જન્નત છે જો તે અમારી ઇમામતનો અકીદો રાખતો હોય અને અમારો મોહીબ હોય. તે શખ્સે પૂછયું કે જો કોઇ ઝિયારત માટે જવામાં કોતાહી કરે તો ? ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો તે અફસોસ અને રંજની હાલતમાં રહેશે.

વ્હાલા દોસ્તો, જો આપણે હદીસો ઉપર ધ્યાન આપશું, તો જણાશે કે જે સવાબનો વાયદો કરવામાં આવ્યો છે તે ફકત તેઓનેજ મળશે જેઓને

મઅ્સૂમીન (અ.સ.) ઉપર પૂરો ભરોસો હશે અને જેઓ મઅસૂમીન (અ.સ.) મે કહેલી વાતો પર અમલ કરશે અને તેઓના પગલે ચાલશે.

અફસોસની વાત છે કે એક શિયા ઇમામે સાદિક (અ.સ.) ને ઝિયારત પર ન જવા બાબત પૂછે છે. હકીકતમાં કોઇ શિયા ઝિયારતના શરફથી મહરૂમ રહેવાની ના પાડે ?

ગરીબમાં ગરીબ શિયા પણ ઝિયારત માટે ના ન પાડે. પણ અહીંયા કહેવું જરૂરી છે કે જ્યારે પૈસાની ચાહત માણસને ઝિયારત માટે જવા રોકે છે તો એક જ વાક્ય સંભળાય છે. જ્યારે મૌલા બોલાવશે ત્યારે જઇશ.

હા, એ ખરૂં છે કે મઅ્સૂમીન (અ.સ.) ની રજા વગર ઝિયારત માટે જેવું સંભવીત નથી. પણ

આપણે ઝિયારત માટે જવાની ઇચ્છા આપણા કાર્યો, દુઆ અને કોશિશોથી કરવી જોઇએ.

ખરૂં પુછો તો, ઘણી વખત પૈસાતો ફકત એક બહાનું હોય છે. તેની પાસે પાસપોર્ટ જ નથી હોતો ! આવા સંજોગોમાં શું આપણે એમ ઇચ્છીએ કે મઅ્સૂમીન (અ.સ.) પાસપોર્ટના બંદોબસ્ત કરી આપશે?

ઘણી વખત આપણે પૈસાથી અને ઇરાદાથી ઝિયારત માટે તૈયાર હોઇએ છીએ. પણ આપણા અમુક ગુનાહો આપણને આ નેક સફર માટે જતા રોકે છે. અથવા મુસાફરી કરવા પછી પણ આપણને ઝિયારતનો શરફ હાસિલ થતો નથી.

આપણે પાક પરવરદિગાર (સુ.વ.ત.) થી આપણા એવા ગુનાહોની માફી માંગીએ કે જેને લીધે

આ મુકદ્દસ કામમાં રૂકાવટ આવે છે.

(૨) હ. અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.)ની ઝિયારતની ફઝીલત

શેખ તૂસી (ર.અ.) થી મોહમ્મદ બિન મોહમ્મદ (ર.અ.) એ ઇમામે સાદિક (અ.સ.) થી અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.)ની ઝિયારતની ફઝીલત બયાન કરે છે કે :

જે કોઇ અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.)ની ઝિયારત માટે જશે, મૌલાના હક્કો માન્ય રાખશે, ગવાહી આપશે કે તેઓ એવા ઇમામ છે કે જેમની ઇતાઅત કરવી વાજિબ છે, અને મગરૂરી અથવા ઝબરદસ્તીથી ઝિયારત પર ન જતો હોય તો અલ્લાહ તેના માટે એક લાખ શહીદોનો સવાબ લખશે. અલ્લાહ તેના આગલા તથા પાછલા ગુનાહો માફ કરી

દેશે. કયામતના દિવસે ઉઠશે અને મહેશરમાં જમા થશે ત્યારે તેને જરા પણ ખૌફ નહીં હોય. અલ્લાહ તેનો હિસાબ પણ આસાન કરી દેશે. ફરિશ્તાઓ તેને આવકાર આપશે. જયારે તે ઝિયારત કરીને ઘર તરફ રવાના થશે. તો ફરિશ્તાઓ તેના ઘર સુધી સાથ આપશે. જો તે બીમાર પડશે તો ફરિશ્તાઓ તેની અયાદત માટે આવશે. જો તે મરી જશે તો ફરિશ્તાઓ તેના જનાઝામાં શિરકત કરશે અને કબરમાં દફન થશે ત્યાં સુધી તેના માટે મગ્ફેરતની દુઆ કરશે.'

સૈયદ અબ્દુલ કરીમ તાઉસ (ર.અ.)થી રિવાયત છે કે ઇમામે સાદિક (અ.સ.) મે ઇબ્ને માહીરને જણાવ્યું કે :

'અય ઇબ્ને માહીર,જે શખ્સ મારા મોહતરમ દાદા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની ઝિયારત

કરશે તો અલ્લાહ તેના દરેક પગલે એક કબૂલ થયેલ હજ તથા ઉમરાનો સવાબ આપશે. અય ઇબ્ને માહીર, આ હદીસ સોનાના પાણીથી લખજે.'

બેશક, અમીરૂલ મોઅમેનીન અને હ. ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતની ફઝીલત 'દુઆએ અલ કમાહ'ની છેલ્લી લાઇનમાં મળશે 'અય અમીરૂલ મોઅમેનીન અને અય અબા અબ્દિલ્લાહ ! હું આપ બન્નેથી તથા આપની ઝિયારતથી આકર્ષિત થયો છું જ્યારે કે આ દુનિયામાં લોકોએ આપને તથા આપ બન્નેની ઝિયારતને તજી દીધા છે. આપની ઝિયારતથી હું જે ચાહું છું તે ખુદા મને અતા કરે. બેશક, ખુદા નજદીક અને હંમેશા દુઆ સાંભળવાવાળો છે.' (દુઆએ અલ કમાહ માંથી)

(૩) ઇમામે કાઝિમ (અ.સ.) અને ઇમામે

**મોહમ્મદ તકી (અ.સ.)ની ઝિયારતની ફઝીલત**

કાઝમૈનની ઝિયારતની ફઝીલતો વિશે અનેક રિવાયતો છે.એક રિવાયતમાં છે કે જે ઇમામે મૂસા અલ-કાઝિમ (અ.સ.)ની ઝિયારત કરે તો જાણે તેણે રસૂલે ખુદા (સ.અ.વ.) તથા અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.) ઝિયારત કરી. બીજી રિવાયતમાં છે કે તેના ઉપર જન્નત વાજિબ થઇ જાય છે.

શૈખ સદૂક (અ.ર.) બયાન કરે છે કે ઇબ્રાહીમ ઇબ્ને અકબાએ ઇમામે અલી નકી (અ.સ.)ને કાગળ લખીને પૂછાવ્યું કે : 'કઇ ઝિયારતની વધુ ફઝીલત છે? ઇમામે હુસૈન (અ.સ.)ની ઝિયારત કે ઇમામે મૂસા અલ કાઝિમ (અ.સ.)ની ઝિયારત અથવા ઇમામે મોહમ્મદ તકી

(અ.સ.)ની ઝિયારત ?' ઇમામ (અ.સ.) મે જવાબ આપ્યો કે :

'ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત ને વધુમાં વધુ મહત્ત્વ આપવું. જો ઇમામે કાઝિમ તથા ઇમામે તકી (અ.સ.)ની ઝિયારત પણ કરો તો પણ વધુ સવાબ મળશે.'

(૪) ઇમામ રઝા (અ.સ.)ની ઝિયારતની ફઝીલત

રસૂલે ખુદા (સ.અ.વ.)મે ફરમાવ્યું છે કે :

'નજદીકના' ભવિષ્યમાં મારા બદનનો એક ટુકડો ખુરાસાનમાં દફન થશે. જે તેની ઝિયારત કરશે, અલ્લાહ (સુ.વ.ત.) તેના ઉપર જન્નત વાજિબ કરી દેશે.'

બીજી રિવાયતમાં છે કે જો કોઇ દુખી મોમીન ઇમામે રઝા (અ.સ.)ની ઝિયારત કરશે તો ખુદા તેના

દુઃખ દૂર કરશે અને જો કોઇ ગુનેહગાર ઝિયારત કરશે તો ખુદા તેના ગુનાહ માફ કરી દેશે.

ઇમામે મૂસા અલ-કાઝિમ (અ.સ.)થી રિવાયત છે કે :

'જે કોઇ મારા ફરઝંદ અલી રઝા (અ.સ.)ની ઝિયારત કરશે તો ખુદા તેને ૭૦ હજનો સવાબ આપશે.' તો રાવીએ આશ્ચર્યથી પૂછયું, '૭૦ હજ?' ઇમામ (અ.સ.)મે જવાબ આપ્યો 'નહિ ૭૦ હજાર હજ.' રાવીએ ફરી પૂછયુ '૭૦ હજાર હજ?' ઇમામ (અ.સ.)મે જવાબ આપ્યો 'કયામતના દિવસે' આગલા જમાનાની ચાર બુઝુર્ગ હસ્તીઓ તથા આજના જમાનાની ચાર બુઝુર્ગ હસ્તીઓ અર્શ પર જમા થશે. આગલા જમાનાની ચાર બુઝુર્ગ હસ્તીઓ હ. નૂહ (અ.સ.), હ. ઇબ્રાહીમ (અ.સ.), હ.મૂસા

(અ.સ.) તથા હ. ઇસા (અ.સ.) હશે, જયારે આજના જમાનાની મુકદ્દસ હસ્તીઓ રસૂલે ખુદા (સ.અ.વ.), ઇમામે અલી (અ.સ.), ઇમામે હસન (અ.સ.) તથા ઇમામે હુસૈન (અ.સ.) હશે. જેઓએ અઇમ્મા (અ.સ.)ની કબરોની ઝિયારત કરી હશે તેઓ પણ અર્શ પર આ બુઝુર્ગ હસ્તીઓની સાથે થશે. ખરૂ પૂછો તો, જેઓએ મારા ફરઝંદ હ. અલી રઝા (અ.સ.)ની કબરની ઝિયારત કરી હશે તેઓ બીજાઓ કરતાં ઊંચા દરજ્જે હશે અને તેઓને સવાબ પણ વધુ મળશે.'

હ. અલી રઝા (અ.સ.) મે ફરમાવ્યું છે કે :

'જેઓ મારી ઝિયારત કરશે તો તેઓએ જાણે રસૂલે ખુદા (સ.અ.વ.) ની કબરની ઝિયારત કરી અને તેઓને ૧૦૦૦ હજ તથા ૧૦૦૦ ઉમરાનો

સવાબ મળશે અને કયામતના દિવસે તેઓ અમારા બુઝુર્ગવારોની સાથે હશે.'

મોઅતબર રિવાયતમાં છે કે હ. ઇમામે રઝા (અ.સ.) મે ફરમાવ્યું છે કે :

'મારી કબર દુર હોવા છતાં જેઓ મારી ઝિયારત કરશે તો હું તેઓની ત્રણ જગ્યાએ મદદ કરીશ - (૧) જ્યારે પરહેઝગારોને જમણા હાથમાં નામાએ આ'માલ આપવામાં આવશે અને ગુનેહગારોને ડાબા હાથમાં નામાએ આ'માલ આપવામાં આવશે ત્યારે, (૨) 'સિરાત'તો પુલ પસાર કરતી વખતે અને (૩) 'મિઝાન'ના વખતે.'

હ. ઇમામ રઝા (અ.સ.)નું બયાન છે કે :

જો કોઇ શિયા મારી કબર પાસે બે રકાત નમાઝ અદા કરશે તો તે કયામતના દિવસે શફાઅતની

ઉમ્મીદ રાખી શકે છે. હું ખુદાની કસમ ખાઇને કહું છું કે જેણે મોહમ્મદ (સ.અ.વ.)પછી અમોને ઇમામતનો શરફ અતા કરેલ છે અને તેથી અમોને અઝમત બક્ષી છે અને અમોને રસૂલે ખુદાના વારીસ બનાવ્યા છે તે ખુદાની કસમ ખાઇને કહું છું કે મારી ઝિયારત કરવાવાળાઓ બીજા કરતાં કયામતના દિવસે સારી હાલતમાં હશે.

મોહમ્મદ બિન સુલયમાને ઇમામ મોહમ્મદ તકી (અ.સ.)ને પૂછ્યું, ''એક શખ્સે વાજિબ હજ અદા કરી અને ઇમામે રઝા (અ.સ.) સિવાય, અઇમ્મા (અ.સ.)ની ઝિયારતો કરી છે અને ઘરે પાછો ફર્યો છે. ત્યારે પછી ખુદાએ તેને ઘણા પૈસાથી નવાઝયો જેથી તે પાછો હજ પર જઇ શકે. તો તેણે શું કરવું જોઇએ ? હજ પર જાય કે ઇમામે રઝા

(અ.સ.)ની ઝિયારત પર જાય?'' ઇમામે જવાબ આપ્યો, ''વધુ સારૂં એ છે કે તે ઇમામે રઝા (અ.સ.)ની ઝિયારત માટે જાય અને તે પણ રજબ મહિનામાં.''

ઇમામે મોહમ્મત તકી (અ.સ.) થી રિવાયત છે કે,

''જે શખ્સ મારા વાલિદે બુઝુર્ગવારની ઝિયારત માટે જાય અને તે ઇમામ (અ.સ.)ના હકથી વાકીફ હોય તો તેના માટે જન્નતની હું જવાબદારી લઉ છું.''

## ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતની ફઝીલત

'કામિલુઝ઼ ઝિયારત' નામની કિતાબમાં ઇબ્ને કૌલવયએ ઇમામે હુસૈન (અ.સ.)ની ઝિયારતની ઘણી હદિસો બયાન કરી છે. આ

કિતાબની થોડી હદીસો નીચે નકલ કરી છે :

૧) ઇમામે હુસૈન (અ.સ.)ની ઝિયારત હજ, ઉમરા તથા જેહાદની બરાબર છે.

૨) ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત થકી ગુનાહોની માફી મળે છે.

૩) ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત થકી કયામતના દિવસે જલ્દી અને આસાન હિસાબ લેવાશે.

૪) ઝિયારત થકી આખેરતમાં ઊંચો દરજ્જો મળે છે.

૫) ઇમામે હુસૈન (અ.સ.)ની ઝિયારત થકી નમાઝો કબૂલ થાય છે.

૬) જે ઇમામે હુસૈન (અ.સ.)ની ફઝીલતો

બયાન કરશે તેનું આયુષ્ય લાંબુ થશે.

૭) ઇમામે હુસૈન (અ.સ.) ની ઝિયારતના કારણે શરીર તથા દોલતની હિફાઝત થશે અને રોઝીમાં વધારો થશે.

૮) ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતથી ઉમ્મીદો પૂરી થશે અને દુઃખ અને ગમ ઓછા થશે.

૯) ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતને છોડવાથી મઝહબનો અકીદો બરબાદ થાય છે. જાણે તેણે રસૂલે ખુદા (સ.અ.વ.)ના હકોની અવગણના કરી.

૧૦) જે માણસે ઇમામ (અ.સ.) ની કબરની ઝિયારત કરી હશે તેને અલ્લાહ (સુ.વ.ત.) પોતે કયામતના દિવસે બચાવશે.

૧૧) ઇમામ (અ.સ.)ની ઝિયારત થકી મૌતમાં આસાની થાય છે. અને કબ્રનો ડર ઓછો થાય છે.

૧૨) ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત માટે ખરચેલ એક દિરહમનો સવાબ એક હજાર દિરહમ જેટલો છે બલ્કે દસ હજાર દિરહમ જેટલો છે.

૧૩) જ્યારે ઝાઇર ઇમામ (અ.સ.)ની કબ્ર સામે ઉભો રહે છે ત્યારે ચાર હજાર ફરિશ્તા તેને આવકાર આપે છે.

૧૪) જ્યારે ઝાએરીન ઝિયારત પૂરી કરીને ઘરે પાછો ફરે છે ત્યારે ફરિશ્તાઓ તેના પગલે તેની પાછળ પાછળ આવે છે.

૧૫) રસૂલે ખુદા (સ.અ.વ.) તેમના વલી હ. અલી (અ.સ.) તથા બીજા ઇમામો (અ.સ.) ઝાએરીન માટે દુઆ કરે છે.

૧૬) જ્યારે ઝાઇર ઇમામ (અ.સ.)ની ઝિયારતથી પાછો ફરે છે ત્યારે હઝરત ફાતેમા ઝહરા (અ.સ.)તે ઝાઇરને કહે છે 'અય ઝાઇર જા અને નવી જિંદગી શરૂ કર, કારણ કે તારા બધા ગુનાહો ધોવાઇ ગયા છે અને તું હવે તે બાળક જેવો છે જેને તેની મા એ હમણાં જ જન્મ આપ્યો હોય.'

૧૭) ઇમામ હુસૈન (અ.સ.) નું ફરમાન છે કે 'જે મારી કબરની ઝિયારત કરશે તો આખેરતમાં હું તેની મદદ કરીશ.'

૧૮) ઇમામ હુસૈન (અ.સ.)ના ઝાઇરીનો બીજાઓ કરતા ૪ વરસ પહેલા જન્નતમાં દાખલ થશે.

૧૯) ઇમામ (અ.સ.)ની ઝિયારતનો સવાબ અલ્લાહ સુબહાનહુ વ તઆલા પાસે મેહફુઝ છે. ઓછામાં ઓછો સવાબ એ છે કે ઝાઇરીન જન્નતમાં જશે.

૨૦) ઇમામ હુસૈન (અ.સ.)ના ઝાઇરીનને બીજાઓ માટે શફાઅત કરવાનો અધિકાર મળશે.

આ જાણવું જરૂરી છે કે જે વાજિબ હજ અદા કરવી જોઇએ. ઝિયારત કાંઇ હજના બદલામાં નથી થઇ શકતી.

અઇમ્મા (અ.સ.)મે ઝિયારત માટે પૈસા ઉછીના લેવાનું પણ જણાવ્યું છે. ઝિયારત માટે કર્ઝે લીધેલા પૈસાની ચૂકવણીની જવાબદારી અઇમ્મા (અ.સ.)મે લીધી છે.

પણ જેઓને હજુ ઝિયારત માટે જવાની તૌફીક નથી મળી તેઓનું શું? તેઓએ શું કરવું જોઇએ ? બેશક, આપણા ઇમામ (અ.સ.) મે દુનિયા તથા આખેરતમાં શિયાઓને તજી દીધા નથી. તેઓએ ઝિયારત માટે જવા જેટલો જ સવાબ મેળવવાના રસ્તા બતાવ્યા છે, કે જેઓ ઇમામ (અ.સ.)ની કબર મુબારક સુધી નથી જઇ શકતા.

દાખલા તરીકે, રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે:- 'જેણે મારી વફાત પછી મારી ઝિયારત કરી તેણે જાણે મારી હયાતીમાં મારી

ઝિયારત કરી. જો કોઇ મારી કબરની ઝિયારત કરવાની હૈસીયત ન રાખતો હોય, તો તેણે ફક્ત મને સલામ મોકલવાની જરૂરત છે. તેની સલામ ચોક્કસ મને પહોંચશે.'

સાલેહ બિન અકબા તથા સૈફ બિન અકબાએ અલ્કમા બિન મોહમ્મદ હઝરમીથી રિવાયત કરેલ છે કે હઝરમીએ ઇમામે મોહમ્મદ બાકિર (અ.સ.) ને અરજ કરી, 'મને એવી કોઇ દુઆ બતાવો કે હું તમારાથી દૂર હોઉં ત્યારે પઢું.' ઇમામે બાકિર (અ.સ.)મે તેમને ઝિયારતે આશૂરા અને દુઆએ અલ્કમા શીખવી અને કહ્યું, 'જો તમો આ ઝિયારત અને દુઆ પઢશો તો જે ફરિશ્તાઓ મારી કબરની ઝિયારત કરે છે તે બધા ફરિશ્તાઓ તમારા માટે દુઆ કરશે. ત્યાર પછી ઇમામે બાકીર

(અ.સ.) મે કહ્યું કે, જે સવાબ મારા રોઝા મુબારકની ઝિયારત માટે મખસૂસ છે તેજ સવાબ ઝિયારતે આશૂરા તથા દુઆએ અલ્કમા પડવાવાળાને મળશે.

આ કિતાબમાં એવા થોડાક શિયા બુઝુર્ગ આલિમોના બનાવો રજૂ કર્યા છે કે જેઓ હંમેશા ઝિયારતે આશૂરા તથા દુઆએ અલ્કમા પઢતા હતા અને જેઓને તેના થકી અલ્લાહ (સુ.વ.ત.), રસૂલે ખુદા (સ.અ.વ.) તથા એહલેબૈત (અ.સ.)ની ખુશનુદી હાસિલ થઇ. આ ઝિયારત તથા દુઆ થકી આ બુઝુર્ગ હસ્તીઓને દુનિયા અને આખેરતમાં કામિયાબી મળી.

ચાલો, આપણે દુઆ કરીએ કે ખુદા આપણને તૌફીક અતા કરે કે આપણે જીવનના છેલ્લા

શ્વાસ સુધી દરરોજ આ ઝિયારત તથા દુઆ પડીએ, ત્યાં સુધી કે આપણા શબ્દો આ હોય 'તમારા પર સલામ હો અય અબા અબ્દિલ્લાહ' અને જ્યારે મલેકુલ મૌત આપણા શરીરથી રૂહ કાઢે ત્યારે ઇમામ હુસૈન (અ.સ.) જવાબ આપે 'તમારા પર સલામ હો અય મારા શિયા, મારા મોહીબ અને મારા ઝાઇર.' ઇન્શાઅલ્લાહ.

આજ કારણ છે કે જરૂરત અને તકલીફના વખતે શિયા આલિમોએ ઝિયારતે આશૂરાનો સહારો લીધો છે. એવા અલિમો કે જેઓએ મોટા મોટા કારનામાઓ અંજામ આપ્યા છે, તેઓએ હંમેશા ઝિયારત પડવાની તાકીદ કરી છે. તેઓનો અનુભવ છે કે મુસીબતો તથા તકલીફોમાં આ ઝિયારત એક ભરોસાપાત્ર સહારો સાબિત થએલ છે. આ

કિતાબમાં એવા અમુક બનાવો વિગતવાર રજૂ કરેલ છે. આ બધા બનાવો આલે મોહમ્મદ (અ.સ.)ના મોહીબ્બોના છે કે જેઓના દિલ તથા રૂહ આ ઝિયારત દરરોજ પઢવાથી રોશન થયેલ છે.

બેશક, એવા ઘણા નસીબદારો છે કે જેઓને ઘણા વખત સુધી આ ઝિયારત થકી ફાયદો થયો છે પણ તેઓને પોતાના અનુભવો લખવાનો મોકો નથી મળ્યો. જેથી, જે શિયાઓને વારંવાર આ ઝિયારતથી લાભ થયો છે તેઓને નમ્ર વિનંતી છે કે તેઓ પોતાના અનુભવો વારંવાર બયાન કરે જેથી વધુને વધુ ભાઇ-બહેનો આ ઝિયારત તરફ આકર્ષાય.

બધા વખાણ તે અલ્લાહ માટે છે કે જેણે આપણા દિલોને તેની મોહબ્બતનું કેન્દ્ર બનાવ્યું.

તેણે કુરબાની તથા ત્યાગની ભાવના તેના ચાહવાવાળાઓના દિલોમાં ઉતારી. તેણે તૌહીદના નૂરથી જિંદગીના રસ્તાને રોશન બનાવ્યો.

હઝરત આદમ (અ.સ.) થી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સુધીના તમામ રસૂલો (અ.સ.) પર સલામ અને સલવાત હો. સલામ અને સલવાત હો અઇમ્મા (અ.સ.) પર અને ખાસ કરીને અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.) પર કે જેમણે કરબલાના બનાવના વર્ષો પહેલાં, કરબલાની શહાદતોની ભવિષ્યવાણી કરી હતી અને આ બનાવની મહત્તા પોતાના ખુત્બાઓમાં જણાવી હતી.

જોકે દરેક ઝિયારતનું મહત્ત્વ હોય છે પણ ઝિયારતે આશૂરા બીજી બધી ઝિયારતો કરતાં એક

ઘણી અગત્યની બાબતમાં અલગ તરી આવે છે. ઝિયારતે આશૂરા અખ્લાક અને અકીદાના તત્વોથી ભરપૂર છે. બેશક, આ ઝિયારત માણસના દિલ, દીમાગ અને રૂહ ઉપર અસર કરે છે.

આ ઝિયારતની મહત્તા વિષેના અમુક દ્રષ્ટિકોણ નીચે રજૂ કરેલ છે :

ઝિયારતે આશૂરા હકીકતમાં હદીસે કુદસી છે. હદીસે કુદસી એ બયાનો છે કે જે અલ્લાહ તરફથી છે, પણ જેનો ઝિક્ર કુરઆનમાં નથી. જનાબે સફવાનથી મનસુબ છે કે આ ઝિયારત જિબ્રઈલે 'લવહે મહફૂઝ'થી હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ને આપી છે. રસૂલે ખુદા (સ.અ.વ.) એ, તે ઝિયારત અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.) ને હવાલે કરી. અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.)મે તેમના ફરઝંદો

હસનૈન (અ.સ.)ને આપી. ઇમામ હુસૈન (અ.સ.) મે ઇમામ સજ્જાદ (અ.સ.) ને અને તેઓએ પોતાના ફરઝંદ ઇમામે બાકિર (અ.સ.)ને અને તોઓએ પોતાના ફરઝંદ ઇમામે સાદિક (અ.સ.)ને આપી. ઇમામે સાદિક (અ.સ.) મે આ ઝિયારત તેમના સહાબી સફવાન (જે આ હદીસના રાવી છે) તેમને બયાન કરી.

આ ઝિયારતનો સવાબ બયાન કર્યા પછી, ઇમામે સાદિક (અ.સ.)મે સફવાનને કહ્યું,

‘અય સફવાન, હું આ ઝિયારતની કબૂલ થવાની ખાત્રી આપુ છું જો કોઇ આમાલે આશૂરા હંમેશા બજાવી લાવે. બેશક, તેના આમાલ કબૂલ થવાને લાયક થઇ જશે, અલ્લાહ તેની માંગણીઓ પૂરી કરશે, તેની દુઆ કબૂલ કરશે અને કોઇ પણ શખ્સ

તેને ત્યાંથી માયુસ થઇને પાછો નહીં ફરશે.

અય સફવાન, મારા વાલિદે બુઝુર્ગવાર તથા મારા દાદાએ પણ કબૂલાતની ખાત્રી આપી છે અને તેઓના વાલિદે બુઝુર્ગવાર ઇમામ હુસૈન (અ.સ.) મે પણ ખાત્રી આપી છે. ઇમામે હસન (અ.સ.) મે પણ ભલામણ કરે છે. રસૂલે ખુદા (સ.અ.વ.) એ આ ઝિયારત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ને આજ ખાત્રી સાથે કહેલ છે. આ ઝિયારત 'લૌહે મેહફૂઝ'નો તે ભાગ છે જે જિબ્રઇલે રસૂલે ખુદા (અ.સ.વ.)ના ઉપર જાહેર કરી.

અય સફવાન ! અલ્લાહ (સુ.વ.ત.) એ કસમ ખાધી છે કે જે મારા દાદા (ઇમામ હુસૈન (અ.સ.))ની ઝિયારત દૂર થી પડશે અને પછી હાથ બલંદ કરીને દુઆ માંગશે તો અલ્લાહ (સુ.વ.ત.)

તેની દુઆ કબૂલ કરશે. આ ઝિયારતના થકી તેના બંદા ઉપર માયુસી અને હતાશા નહીં છવાય. અલ્લાહ (સુ.વ.ત.) તેને જન્નત નસીબ કરશે અને દોઝખની આગથી બચાવી લેશે. તેનો દરજ્જો ઊંચો થશે જેથી તેને 'શફાઅત'નો હક રોઝે મહેશરના મળશે. અય સફવાન ! ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત પડવી એટલે અલ્લાહ (સુ.વ.ત.)ની ઝિયારત અર્શ પર પઢવા બરાબર છે.' – (બિહારૂલ અનવાર)

ઝિયારતે આશૂરા જેટલી બરકતવાળી છે એટલી જ સમજવા લાયક છે. આપણી કમનસીબી છે કે આપણે જાહેર શબ્દો જ ઉચ્ચારીએ છીએ પણ આ શબ્દો પાછળ તત્વજ્ઞાનના મોતીઓ છે તે તરફ ધ્યાન નથી આપતા.

મહત્ત્વની બાબતો જેના તરફ ઝિયારતે આશૂરાએ

પ્રકાશ પાથર્યો છે.

ઇમામ હુસૈન (અ.સ.) મે ઇબાદત તથા પરહેઝગારી થકી અલ્લાહ (સુ.વ.ત.) પાસે એટલું ઊંચુ સ્થાન પ્રાપ્ત કર્યું છે કે તેમને 'અબા અબ્દિલ્લાહ' (ખુદાના બંદાના પિતા) નો ખિતાબ મળ્યો છે.

ઇમામ હુસૈન (અ.સ.) કે જેઓ, રસૂલે ખુદા (સ.અ.વ.) અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.) અને જનાબે ફાતેમા ઝેહરા (અ.સ.)ના ફરઝંદ છે. આજ સગપણને લીધે ઝાલિમો પરેશાન હતા. (શફાઉસ સોદુર)

ઇમામ હુસૈન (અ.સ.)ની મુસીબતો તથા દુઃખોની દુનિયામાં કોઇ મિસાલ નથી.

ઇમામ હુસૈન (અ.સ.) તથા એહલેબૈતના કાતિલોથી બેઝારી કરવી મઝહબના ઉસૂલોમાં

શામીલ છે.

જો કોઇ માણસ ધ્યાનથી વિચાર કરે તો ઝિયારતે આશૂરામાં ઘણી ઊંડી અસરો છે. જો કોઇ ઝિયારતમાં બતાવેલ નસીહતો પર બરાબર અમલ કરે તો તેને નજાત મળશે, હકીકત સમજમાં આવશે અને અકીદો મજબૂત થશે. આ ઝિયારત માણસને સારા અને નરસા વચ્ચે તફાવત કરવામાં મદદ કરશે અને હક અને બાતિલમાં તફાવત કરવા માટે માપદંડ તરીકે કામ આવશે. એહલેબૈત (અ.સ.)ના દુશ્મનો ને દૂર કરવાનો આ સારામાં સારો ઝરીયો છે.

આજ કારણ છે કે એહલેબૈત (અ.સ.)ના દુશ્મનોએ આ ઝિયારતને બરબાદ કરવાની કોશિશો કરી છે. ત્યાં સુધી કે શેખ તૂસી (ર.અ.) જેવા મશહૂર આલિમને પણ હેરાન કરવામાં આવ્યા કારણ કે તેઓ

ઝિયારતે આશૂરા પઢવા માંગતા હતા.

ઝિયારતે આશૂરાની અંદર દુનિયા અને આખેરતના લાભો સમાએલા છે.

ઇમામ જઅ્ફર સાદિક (અ.સ.) થી રિવાયત છે કે :

'અય સફ્વાન ! જ્યારે કોઇ મુસીબતમાં ફસાઇ જાઓ તો તે મુસીબત દૂર કરવા માટે આ'માલે આશૂરા થકી ઇમામ હુસૈન (અ.સ.) ની મદદ માંગો. અલ્લાહ (સુ.વ.ત.) એ ઝિયારત થકી માંગવામાં આવેલ દુઆ કબૂલ કરવાની કસમ ખાધી છે અને ખુદા પોતાના વચનથી કદી ફરતો નથી. ગમે તેવી સખ્ત તકલીફો તથા મુસીબતો હોય તો જો સતત ૪૦ દિવસ સુધી ઝિયારતે આશૂરા પઢવામાં આવે તો તે તકલીફો અને મુસીબતો દૂર થાય છે.

માણોસોના અનુભવો પરથી સાબિત થાય છે કે આ રિવાયત સાચી છે. આ કિતાબમાં થોડા ઘણાં એવા અનુભવો રજૂ કરવાની કોશિશ કરી છે. જેથી કાંઇ શંકા હોય તો દૂર થઇ જાય.

મશહૂર શિયા આલિમો આ ઝિયારત હંમેશા પઢતા હતા. આ ઝિયારત પઢવાથી તેઓને અસંખ્ય ફાયદાઓ થાય છે અને મુસીબતના વખતે તેઓએ આ ઝિયારતનો સહારો લીધો છે.

આ ઝિયારતને લગતા સાચા સ્વપ્નાઓ તથા ભવિષ્યવાણીથી ઝિયારતની ફઝીલતો અને અસરો પુરવાર થાય છે. આ બધા બનાવો અહીં રજૂ કરવા શક્ય નથી જેથી થોડા ઘણા આવા અનુભવો રજૂ કરીએ છીએ જેથી એહલેબૈત (અ.સ.)ના મોહીબોને આ ઝિયારતની મહત્તા સમજાય.

## (૧) પ્લેગથી બચાવ

કુમ શહેરમાં આવેલ ‘હૌઝે-ઇલ્મીયા’ના સ્થાપક આયતુલ્લાહ અલ હાજ શેખ અબ્દુલ કરીમ હાએરી યઝ્દીથી રિવાયત છે કે ‘જ્યારે હું સામર્રાના હોઝે ઇલ્મીયામાં પઢતો હતો ત્યારે શહેરમાં રોગચાળો ફાટી નીકળ્યો અને ઘણા લોકો તેના શિકાર થઇ ગયા. એક દિવસ અમો બધા વિદ્યાર્થીઓ અમારા ઉસ્તાદ આયતુલ્લાહ સૈયદ મોહમ્મદ ફિશારકી (ર.અ.)ના ઘરે જમા થયા. ત્યાંતો અચાનક આયતુલ્લાહ મિર્ઝા મોહમ્મદ તકી (ર.અ.) ત્યાં આવી ચડયા. પછી ત્યાં રોગચાળા વિષે ચર્ચા શરૂ થઇ અને જે રીતે રોજ માણસો મરી રહ્યા હતા તે જોતાં બધુ જલ્દી આખુ શહેર આ રોગચાળામાં ખતમ થઇ જશે એવું લાગતું હતું. આ ચર્ચાની વચ્ચે આયતુલ્લાહ ફિશારકી

(ર.અ.) ઉભા થયા અને પૂછ્યું, 'શું તમો બધા મને મુજતહેદ માનો છો? તો પછી જો હું હુકમ આપું તો તમો તેના ઉપર અમલ કરશો?' અમો બધાએ ભારપૂર્વક જવાબ આપ્યો, 'હા, બેશક તમો મુજતહેદ છો.' પછી આયતુલ્લાહ ફિશારકીએ અમોને સંબોધીને જાહેર કર્યું કે 'હું સામર્રાના શિયાઓને હુકમ કરૂં છું કે તેઓ દસ દિવસ સુધી રોજ ઝિયારતે આશૂરા પઢે, પછી ઝિયારતનો સવાબ ઇમામે ઝમાના (અ.સ.) (અમારી જાનો તેમના ઉપર કુરબાન) ની માતા જનાબે નરજીસ ખાતૂન (સ.અ.)ને હદિયો કરે. પછી તે મોહતરમાને અરજ કરે કે અમારો હાલ આપના ફરઝંદ હઝરત વલીયુલ અસ્રને રજૂ કરે જેથી તેઓ આ બલાથી આપને બચાવે.'

આયતુલ્લાહ ફિશારકીએ આગળ બોલતા જણાવ્યું કે ‘જે કોઇ ઝિયારતે આશૂરા પઢશે તો હું ખાત્રી આપું છું કે તે આ પ્લેગથી બચી જશે.’ આ જિંદગી તથા મૌતનો સવાલ હતો તેથી બધા શિયાઓએ આયતુલ્લાહ ફિશારકીનો હુકમ માન્ય રાખ્યો અને ઝિયારત પઢવા લાગ્યા. ઝિયારતના પઢવાથી મોઅજિઝા જેવું થયું. પ્લેગ શમી ગયો અને મોઅ્મેનીન બચી ગયા. પણ તેની અસર ફક્ત શિયાઓ સુધી જ સીમિત રહી. કારણ કે રોજ સુન્નીઓ મરતા કારણ કે તેઓ પાસે આ બીમારીનો કોઇ ઇલાજ ન હતો, થોડા વખત પછી, તેઓને સમજમાં આવ્યું કે આ બીમારીથી ફક્ત તેઓની કૌમના જ માણસો મરી રહ્યા છે, જ્યારે શિયાઓ બચી ગયા છે. પોતાની શરમીંદગી છુપાવવા માટે

તેઓ મધ્યરાત્રે મરણ પામેલાઓને દફનાવવા લાગ્યા. જ્યારે એક સુન્નીએ શિયાથી તપાસ કરી જો જાણવા મળ્યું કે આ અસર ઝિયારતે આશૂરાની હતી. ત્યાર પછી સુન્નીઓ પણ ઝિયારતે આશૂરા પઢવા લાગ્યા અને આ ઝિયારતની ચમત્કારીક અસર તેઓને પણ થવા લાગી. તેઓ પણ આ બીમારીથી બચવા લાગ્યા. પછી તો અમુક સુન્ની ભાઇઓ ઇમામે અલી નકી (અ.સ.) તથા ઇમામે હસને અસ્કરી (અ.સ.)ના રોઝા મુબારકની ઝિયારત પણ કરવા લાગ્યા અને તેઓએ કબૂલ કર્યું કે 'અમો તેજ ઝિયારતે પઢીએ છીએ જે શિયાઓ પઢે છે.' શેખ અબ્દુલ કરીમે (ર.અ.) જોયું કે આ ઝિયારત પઢવાથી શિયા તથા સુન્ની બન્ને ફીરકાના લોકો રોગથી બચવા લાગ્યા.

## (૨) બીજો ચમત્કારીક બનાવ

આયતુલ્લાહ દસ્તગૈબ (ર.અ.) એ આકા ફરીદ (જેઓ તેહરાનના આલિમોમાંથી હતા) નો એક કીસ્સો નકલ કર્યો છે. આકા ફરીદે કહ્યું કે, 'એક વખત હું બહુ જ ખરાબ સ્થિતિમાં ફસાઇ ગયો હતો ત્યારે મને તે ઝિયારત કે જે ખાસ સામર્રાના રહેવાસીઓ માટે છે તે પઢવાનું યાદ આવ્યું. હું પહેલી મોહર્રમથી  આ ઝિયારત પઢવાનું શરૂ કર્યું. મને અચંબો થયો કે આઠ મોહર્રમ સુધીમાં તો મારી તકલીફો દૂર થઇ અને મારી સ્થિતિ સુધરી ગઇ.

(કિતાબે દાસ્તાનહાએ શગુફતા, પા.૪૯૪, હદીય્યતુઝ ઝાઇર, પા.૧૬૪, અલ કલામ યજુર્રૂલ કલામ નં. ૧, પા. ૫૪)

## (૩) રોઝીનો જામીન

શૈખ અબ્દુલ જવાદ હાએરી માઝન્દરાની થી મનકૂલ છે કે 'એક વખત, એક માણસ જેમનું નામ શૈખ ઝૈનુલઆબેદીન માઝન્દરાની હતું તેમની પાસે આવ્યો અને પોતાની ગરીબી અને રોઝીની તંગી બાબત અફસોસ કરવા લાગ્યો. શૈખે તેને સલાહ આપી કે 'સૈયદુશ્શોહદા (અ.સ.)ના રોઝા મુબારક પર જા અને ત્યાં ઝિયારતે આશૂરા પઢ. ત્યાર પછી જો તારી સ્થિતિ ન બદલાય તો મારી પાસે આવજે.' થોડા વખત પછી જ્યારે શૈખની તે શખ્સ સાથે મુલાકાત થઇ તો તે શખ્સે કહ્યું કે 'હું જ્યારે ઝિયારત પઢવામાં મશગૂલ હતો ત્યારે એક માણસ મારી પાસે આવ્યો અને મને પૈસા આપીને ચાલ્યો ગયો. હવે, ખુદાના ફઝલો કરમથી મારી તકલીફો દૂર થઇ ગઇ છે.' (તઝકેરાએ ઝાએરીન)

## (૪) કાશ, હું રોજ ઝિયારતે આશૂરા પઢતો હોત

શેખ અબ્દુલ હાદી હાએરી માઝન્દરાનીએ તેઓના વાલિદે બુઝુર્ગવાર અબુલ હસન માઝન્દરાનીના હવાલાથી કહે છે કે 'એક વખત મેં મિર્ઝા અલીનકી તબાતબાઇને સપનામાં જોયા. મેં એમને પૂછ્યું 'તમને કોઇ ચીજનો અફસોસ છે?' તેમણે જવાબ આપ્યો, હા, મને અફસોસ છે કે હું રોજ ઝિયારતે આશૂરા નહોતો પઢતો.'

(તઝકેરાએ ઝાએરીન)

## (૫) મોતની સાથે લડત

આયતુલ્લાહ નજફી કોચાની (ર.અ.) તેઓની વખતના એક બહુજ સારા આલિમ હતા અને મુલ્લા આખુંદ ખુરાસાનીના બહુજ હોંશિયાર

વિદ્યાર્થી હતા. આયતુલ્લાહ નજફી કોચાની (ર.અ.), જ્યારે તેઓ ઇસફહાનના હૌઝે ઇલ્મીયામાં પઢતા હતા, ત્યારે તેઓએ એક સપનું જોયું. 'તેઓએ મૌતને એક ગાયના વાછરડાના રૂપમાં જોયું. તે વાછરડાને ત્રણ-ચાર બાળકો વળગી રહ્યા હતા. આ બાળકો મારા ઘર આગળથી પસાર થઇ રહ્યા હતા. તેમાંથી એક બાળક મારા ઘરની દીવાલ પર આવીને બેસી ગયો.' આ સ્વપ્ન બહુજ અચરજ પમાડે તેવું હતું. આ સપનાની તાબીર જાણવા માટે આયતુલ્લાહ નજફીએ તેઓના પિતાશ્રીને પત્ર લખ્યો જેમાં તેઓએ આખુ સ્વપ્ન લખી જણાવ્યું. પત્રમાં છેવટે તેઓએ પિતાશ્રીને વિનંતી કરી કે તેઓની તંદુરસ્તી બાબત જેમ બને તેમ જલ્દી જાણ કરે. આયતુલ્લા નજફી (ર.અ.)નો પત્ર હજુ રસ્તામાંજ હતો ત્યાં તેમને તેઓના વાલિદે બુઝુર્ગવારનો પત્ર મળ્યો જેમાં

લખ્યું હતું કે આયતુલ્લાહ નજફી (ર.અ.)ની વાલેદા આ ફાની દુનિયા છોડી હંમેશાના ઘર તરફ ચાલ્યા ગયા છે. તે પત્રમાં બીજું એ પણ લખ્યું હતું કે તેણીએ ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત માટે ૧૨ તુમાનનો કરજો લીધો હતો અત્યારે વધીને ૮૦ તુમાન જેટલો થઇ ગયો છે.

આયતુલ્લાહ નજફી લખે છે કે મારા પિતાશ્રી એટલા ગરીબ હતા કે જો તેઓ પોતાની તમામ ચીજ વસ્તુ વેચી નાખે તો પણ આ કરજ ચૂકવી શકે નહીં. ત્યારે મેં નક્કી કર્યું કે આ કરજની ચૂકવણી માટે ઇસ્ફહાનની મસ્જિદમાં હું ૪૦ દિવસ સુધી ઝિયારતે આશૂરા પડીશ. હું ઝવાલના બે કલાક પહેલા ઝિયારત પઢવાનું શરૂ કરતો હતો અને ઝવાલ પહેલા પૂરૂં કરતો હતો. મેં આ પ્રણાલીકા ૪૦ દિવસ સુધી બરાબર કરી. મેં પાક પરવરદિગાર પાસે મારા

પિતાશ્રીના કરજની ચૂકવણી માટે દુઆ માંગી અને સાથે સાથે બે વિનંતી કરી. મારી પહેલી વિનંતી અલ્લાહ (સુ.વ.ત.) થી એ હતી કે મને મુજતહીદનો દરજ્જો અતા કરે અને બીજી વિનંતી એ હતી કે કયામતના દિવસે મને શફાઅતથી મહરૂમ ન રાખે.

મેં ઝિયારત પઢવાનું શરૂ કર્યું તેને એક મહિનો પણ પૂરો થયો ન હતો ત્યાં મને મારા પિતાશ્રીનો પત્ર મળ્યો જેમાં લખ્યું હતું કે ઇમામ મૂસા કાઝિમ (અ.સ.)ના તુફેલથી તે કરજો ચૂકવાઇ ગયો છે. મેં મારા પિતાશ્રીને જવાબમાં લખ્યું કે 'તેમને ઇમામે મૂસા કાઝિમ (અ.સ.) તરફથી મદદ નથી મળી પણ આ મદદ સય્યદુશશોહદા ઇમામે હુસૈન (અ.સ.)થી મળી છે. જો કે દરેક અઇમ્મા તેજ નૂરથી પૈદા થયેલ છે.

થોડા વખતના સુખ ચેન અને રાહત પછી હું પાછો એક કફોડી સ્થિતિમાં મૂકાઇ ગયો, પણ ઝિયારત થકી થતા ચમત્કારીક લાભોના મારા અનુભવોથી મારો વિશ્વાસ વધુ મજબૂત થઇ ગયો હતો. ફરી પાછું મેં નક્કી કર્યું કે હું આ ઝિયારત ૪૦ દિવસ સુધી પઢીશ. આ ઝિયારત પઢવાનું મેં તેજ જોશ અને ખુલુસ સાથે મોહર્રમમાં શરૂ કર્યું. ચાલીસ દિવસ પૂરા થયા પછી મને એક સપનું આવ્યું જેમાં મેં મારી હાજતો, જેના માટે મે ઝિયારત પઢવાનું શરૂ કર્યું હતું તે પૂરી થતા જોઇ. જ્યારે હું જાગ્યો તો મારા સંતોષ અને ખુશીની કોઇ સીમા ન હતી.

## (ક) બીજી એક આરજૂ

આયતુલ્લાહ નજફી કોચાની થી મનકૂલ છે કે ‘ઝિયારતે આશૂરાના મારા ઇસ્ફહાનમાં થયેલ બે

અનુભવોથી હું ઘણો જ પ્રભાવિત થયો હતો. ઝિયારત ઉપરનો મારો વિશ્વાસ અનેક ઘણો વધી ગયો હતો. તેથી જ્યારે હું નજફે અશરફમાં દાખલ થયો તો પહેલા શુક્રવારથી જ મેં ઝિયારત પઢવાનું શરૂ કરી દીધું. મારી ફકત એક જ આરજૂ હતી કે ઇમામ (અ.સ.)નું આગમન (આપણી જાન તેઓ ઉપર કુરબાન) અને તેમના અદલો - ઇન્સાફથી ભરેલ રાજમાં શહાદત પામું. આ બન્ને તમન્નાઓ મારા ખરા દિલથી હતી એટલે હું દરેક ખરાબ ચીજથી દૂર રહેવા લાગ્યો. હું ઘરે હોઉં અથવા ઘરથી દૂર હોઉં, વરસના ૪૦ શુક્રવાર હું ઝિયારતે આશૂરા અચૂક પઢતો હતો. મારા ઇમામ (અ.સ.) પ્રત્યેનો લગાવ અને લાગણી માટે હું ખુદાનો શુક્રગુઝાર છું. અલ્લાહ ગવાહ છે કે મને ઇમામ (અ.સ.) પ્રત્યે અનહદ પ્યાર છે અને અલ્લાહ

(સુ.વ.ત.) પાસે હું દુઆ માંગુ છુ કે મને ઇમામ (અ.સ.) ની ખિદમતની તૌફીક અતા ફરમાવે.

## (૭) મૌતના ફરિશ્તા (મલેકુલ મૌત) સાથે વાતચીત

મોહમ્મદ જવાદ બિન શેખ મશહૂર (ર.અ.) નજફના બહુ જ મોટા વિદ્વાનોમાંથી એક હતા. તેઓ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના રોઝા મુબારકની સેહનના જમાત નમાઝના પેશ ઇમામ હતા. હિજરી સન ૧૩૩૭માં ૯૦ વરસની ઉંમરે તેઓ ગુજરી ગયા. અને તેઓને અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના રોઝાની નજદીક દફન કરવામાં આવ્યા છે.

૨૬ સફર હિ.સન ૧૩૩૬ના શેખ મોહમ્મદ જવાદ (ર.અ.)એ સ્વપનામાં મલેકુલ મૌતને જોયા.

સલામ દુઆ બાદ તેઓએ મલેકુલ મૌતને

પૂછ્યું 'તમો ક્યાંથી આવી રહ્યા છો?'

મલેકુલ મૌતે જવાબ આપ્યો 'હું શીરાઝથી મિર્ઝા મોહમ્મદ મહલકીની રૂહ કબ્જ કરીને આવી રહ્યો છું.'

શેખે પૂછ્યું, 'હવે બરઝખમાં તેઓની શું હાલત છે ?'

મલેકુલ મૌતે જવાબ આપ્યો, 'તેઓ બરઝખના સુંદરમાં સુંદર બાગમાં મુકામ કરી રહ્યા છે અને ખુદાએ તેઓની સેવા માટે ફરિશ્તાઓ નીમી દીધા છે.'

શેખે પૂછ્યું, 'આ બલંદ મરતબો તેઓના સારા કાર્યો થકી મળ્યો કે તેઓ જે વિદ્યાર્થીઓને દીની તાલીમ આપતા હતા તે કારણે મળ્યો.'

મલેકુલ મૌતે કહ્યું : 'નહીં, આ બન્ને કારણો

થકી પણ નથી મળયો.'

શેખે પૂછ્યું, 'આ રૂત્બો તેઓ પેશ-નમાઝ હતા એટલે મળ્યો કે પછી તેઓ અલ્લાહ (સુ.વ.ત.)ના ફરમાનોની તબ્લીગ કરતા હતા તે કારણે મળ્યો?'

મલેકુલ મૌતે કહ્યું : 'નહીં, આ બન્ને કારણો થકી પણ નથી મળયો.'

શેખે પૂછ્યું, 'તો પછી તેઓ એવું શું કાર્ય કરતા હતા કે જેના કારણે તેઓને એટલું ઊંચુ સ્થાન મળ્યું ?'

મલેકુલ મૌતે કહ્યું : 'તેઓને આટલું ઊંચુ સ્થાન એ કારણે મળ્યું કે તેઓ ઝિયારતે આશૂરા પઢતા હતા.

બીજે દિવસે શેખ મશહૂર, આયતુલ્લાહ

મિર્ઝા મોહમ્મદ તકી શીરાઝી (ર.અ.)ને મળવા ગયા અને આ અજબ સ્વપ્નાની વિગત કહી. આયતુલ્લાહ મિર્ઝા શીરાઝી એ બધું ધ્યાનપૂર્વક સાંભળ્યું. જ્યારે શેખે પોતાની વાત પૂરી કરી તો આયતુલ્લાહ શીરાઝી ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા. જ્યારે લોકોએ રડવાનું કારણ પૂછ્યું તો તેઓએ જવાબ આપ્યો કે હું મિર્ઝા મહલકીના મરણ ઉપર રોઉં છું કારણ કે તેઓ ફીકહના સ્તંભ હતા. તો લોકોએ કહ્યું કે બનવા જોગ છે કે આ સપનું સાચું પણ ન હોય ! તો આયતુલ્લાહે જવાબ આપ્યો 'જો કે આ સ્વપ્ન જ છે પણ આ સ્વપ્ન કોઇ જેવા તેવા માણસે નથી જોયું, આ સ્વપ્ન શેખ મશહૂરે જોયું છે.'

બીજે જ દિવસે શીરાઝથી નજફ એક તાર આવ્યો જેમાં મિર્ઝા ઇબ્રાહીમ મહલકીના મરણના

સમાચાર હતા. જેથી એ પુરવાર થાય છે કે આ સ્વપ્ન સાચું હતું.

વિદ્વાનો જેઓ મિર્ઝા ઇબ્રાહીમ મહલકીને જાણતા હતા તેઓ પણ કહે છે કે છેલ્લા ૩૦ વરસથી મિર્ઝા મહલીકી ઝિયારતે આશૂરા પઢતા હતા. જ્યારે કોઇ દર્દ અથવા બીમારીના કારણે તેઓ ઝિયારત ન પઢી શકતા તો તેઓ બીજા કોઇને તેમના તરફથી ઝિયારત પઢવા માટે નીમતા. મશહૂર આલિમ મુલ્કે હુસૈની શીરાઝી પણ ગવાહી આપે છે કે શેખ અબુલ હસન હદાએકે (એક વિદ્વાન) તેઓને જણાવ્યું છે કે જ્યારે મિર્ઝા ઇબ્રાહીમ મહલકી બીમાર પડ્યા ત્યારે તેઓએ શેખ અબુલ હસનને ઝિયારત પઢવા માટે નીમ્યા હતા.

નજફના અમુક આલિમોએ પણ આ બનાવની વિગત આયતુલ્લાહ સૈયદ અબ્દુલ હાદી શીરાઝીથી સાંભળી છે. આયતુલ્લાહ કહેતા હતા કે 'જ્યારે શેખ મશહૂર આ સ્વપ્ન મિર્ઝા મોહમ્મદ તકીને બયાન કરી રહ્યા હતા ત્યારે હું ત્યાં હાજર હતો.' આ સિવાય, મિર્ઝા મહલકીના ફરઝંદ સદરૂદ્દીન મહલકીએ પણ આ સ્વપ્નની વિગત સાંભળી છે.

(કિતાબે દાસ્તાનહાયે શગુફતા, પા.૩૭૩)

## (૮) વલીએ અસ્ર માટે ઝિયારતે આશૂરા પઢવી

'અબ્કારીયુલ હીસાન' ના લેખક શેખ અલી અકબર નહાવંદી કહે છે કે સૈયદ અહમદે પોતાના લેખો મને મોકલ્યા જેમાં આ કીસ્સો હતો. તેઓ લખે

છે કે 'હું મસ્જિદે સહેલા ના એક ખૂણામાં બેઠો હતો. અચાનક, ત્યાં એક સૈયદ અમામા અને અબા પહરેલા દાખલ થયા. તે સૈયદે ચારે તરફ જોયું અને પછી મારી તરફ આવ્યા અને કહ્યું, 'તમે રોજ સવારે ઇમામે ઝમાના (અ.સ.) માટે ઝિયારતે આશૂરા પઢો છો તેથી હવે તમો તમારા મહિનાનો ખર્ચો મારી પાસેથી લેજો, જેથી તમને બીજા કોઇ પર આધાર રાખવાની જરૂરત નથી.' તેઓએ મને અમુક રકમ આપી અને કહ્યું, 'આ મહિના માટે આ રકમ પુરતી છે.' ત્યારે પછી તેઓ ચાલ્યા ગયા. તેમની હાજરીમાં હું એકદમ મૂંજાઇ ગયો હતો. મને એમ લાગ્યુ કે જાણે મારા પગ ઝમીન સાથે ચીટકી ગયા છે. મારી જબાન બંધાઇ ગઇ અને હું કાંઇ બોલી શકયો નહિ. જ્યાં સુધી તેઓ ગયા ત્યાં સુધી મારી આવીજ હાલત હતી.

ત્યાર પછી મેં ચોમેર જોયું પણ તેઓ કયાંય દેખાયા નહી.

(અબ્કારીયુલ હીસાન, ભા.૧, પા.૧૧૩)

## (૯) આખેરત માટે સારામાં સારૂં કામ

શેખ મોહમ્મદ હુસૈન અન્સારી, મશહૂર મુજતહેદ શેખ અનસારીના જમાઇ હતા. શેખ મોહમ્મદ હુસૈન અન્સારીને ઘણા દિકરાઓ હતા જેમાંના એક શેખ મુરતુઝા બધાના માનિતા હતા અને 'આકાએ શેખ બુઝુર્ગ' (મોટા શેખ)ના નામે ઓળખાતા હતા તેઓ નજફના મોટા આલિમોમાંના એક હતા.

શેખ મુરતુઝાનો જન્મ ૧૨૮૯ હિ.સ.માં થયેલ અને સાંપના કરડવાથી ૩૩ વરસની ઉમરે તેઓ ગુજરી ગયા હતા.

શેખ મુરતુઝા રોજ સવારે અને વહેલી સાંજે (અસરના વખતે) ઝિયારતે આશૂરા પડતા હતા. તેમના મરણ પછી, એક શખ્સે તેઓને સ્વપ્નમાં જોયા અને પૂછ્યું. 'તમારા કયા કાર્યથી તમને વધુમાં વધુ ફાયદો થયો છે? શેખ (ર.અ.) એ ત્રણ વખત કહ્યું, 'ઝિયારતે આશૂરા, ઝિયારતે આશૂરા, ઝિયારતે આશૂરા.'

(ઝિંદગાની, શખ્શીયતે શેખ અન્સારી, જૂની આવૃત્તિ, પા.૩૩૦, નવી આવૃત્તિ પા.૩૨૭)

## ૧૦) નસીબદાર બાનુ

અલ્હાજ મુલ્લા હસન યઝદી, નજફના મશહૂર આલિમોમાંના એક હતા. મોહમ્મદ અલી યઝદી જે બહુજ મોમીન હતા તેમણે આ પ્રસંગ અલ્હાજ મુલ્લા હસન યઝદીને કહ્યો છે. મોહમ્મદઅલી યઝદી રોજ

રાત્રે કબ્રસ્તાન જતા હતા જયાં નામાંકિત આલિમો દફન થયા છે. ત્યાં તેઓ દૂઆ અને ઇબાદતમાં રાત પસાર કરતા.

મોહમ્મદઅલી યઝદીનો એક સાથી હતો જે બચપણથી તેઓની સાથે રહેતો હતો. બન્ને જવાન હતા ત્યારે એકજ શાળામાં ભણતા હતા ધંધામાં પણ બન્ને સાથે હતા અને ભાગ્યેજ તેઓ એકબીજાથી અલગ થયા હતા. પછી અચાનક, આ સાથી ગુજરી ગયો અને તેને આગળ જણાવેલ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યો. આ કબ્રસ્તાનમાં બીજા ઘણા પરહેઝગારો અને મોઅમીનો દફન હતા. આ સાથીને દફન થયે એક મહિનો પણ પૂરો થયો ન હતો ત્યાં મોહમ્મદઅલી યઝદીએ તેને સ્વપ્નમાં જોયો. જ્યારે તેણે તેના સાથીને સારી સ્થિતિમાં જોયો તો પૂછ્યું,

'તમો આરામમાં લાગો છો જો કે હું તમારા કાર્યોથી વાકીફ છું જેના હિસાબે તમને દુઃખદ અઝાબ મળવો જોઇએ. તો આ રાહત અને આરામનું કારણ શું છે?'

તેના સાથીએ જવાબ આપ્યો, 'હા, બેશક તમો સાચા છો. ગઇ કાલ સુધી દર્દનાક અઝાબ ભોગવી રહ્યો હતો પણ એક એવો બનાવ બન્યો કે જેથી મારી સ્થિતિ તમે જુવો છો તેમ બદલાઇ ગઇ. અશરફ લુહારની બીવીનો ઇન્તેકાલ થયો છે અને તેણીને અહીં દફન કરવામાં આવી છે. (તે દફન થયાની જગ્યા તરફ ઇશારો કરે છે જે લગભગ ૧૦૦ ફુટ દૂર છે) આ બાનુના દફન થયા પછી સય્યદુશ શોહદા, ઇમામ હુસૈન (અ.સ.) તેણીની કબર પર આવ્યા અને કબર ઉપરથી અઝાબ દૂર કરવાનો હુકમ આપ્યો. જેથી ઇમામ (અ.સ.)ની શિફારીશથી

તેણીનો અઝાબ દૂર થયો અને મને પણ અઝાબથી નજાત મળી.'

મોહમ્મદઅલી યઝદી કહે છે કે, 'જ્યારે હું આ વિચિત્ર સ્વપ્નમાંથી જાગ્યો તો હું તુરંત લુહારની બજારમાં જવા માટે નીકળ્યો. મને તે બજારની જગ્યા ખબર હતી નહી. છેવટે બહુ તપાસ કર્યા પછી મેં તે જગ્યા શોધી કાઢી. હું ઉસ્તાદ અશરફના ઘરે પહોંચ્યો અને પૂછ્યું, 'શું તમારા ઘરની કોઇ બાનુ હમણાં મરણ પામી છે?' તેમણે જવાબ આપ્યો, 'હા, અમે ગઇ કાલેજ તેણીને દફન કરી આવ્યા.' પછી મેં પૂછયુ, 'શું તેણીને ઇમામ હુસૈન (અ.સ.)ના રોઝાની ઝિયારત નસીબ થઇ હતી?' ઉસ્તાદે કહ્યું, 'નહી.' મે પૂછયું, 'શું તેણી ઇમામ હુસૈન (અ.સ.)ના દુ:ખ તથા તકલીફોની ચર્ચા કરતી હતી અથવા શું તેણી

મજલિસ કરતી હતી જેમાં ઇમામ (અ.સ.)ની મુસીબતો બયાન થતી હતી?' ઉસ્તાદે કહ્યું, 'નહી.' આ બધા સવાલોથી ઉસ્તાદ અશરફ મૂંઝાઇ ગયા અને પૂછયું, 'મને સમજમાં નથી આવતું. આ બધા સવાલોથી તમો શું સાબિત કરવા માંગો છો?' પછી મેં મારૂં આખુ સ્વપ્ન તેમને કહ્યું. જ્યારે મારી વાત પૂરી થઇ તો તેમણે કહ્યું, 'મને લાગે છે કે મને કારણ ખબર છે. જિંદગીના છેવટના દિવસોમાં મારી પત્ની રોજ ઝિયારતે આશૂરા પઢતી હતી અને આ ઝિયારત પઢવાનું જ પરિણામ છે.'

આ કબરની મહત્ત્વતાના લીધે, અખુંદ કરબાસી, જે મોટા આલિમ હતા તેમણે વસિયત કરી હતી તેમને આ બાનુની નજદીક દફન કરવામાં આવે અને વસિયત મુજબ તેઓને તે બાનુની નજદીક દફન

કરવામાં આવ્યા છે.

## (૧૧) '..... અમો તમારા કાર્યોથી ગાફિલ નથી.'

એક મશહૂર આલિમે નીચે જણાવેલ પ્રસંગ પોતાની ડાયરીમાં લખેલ છે : -

એક રાત્રે મેં એક સ્વપ્ન જોયું, જેનાં મને ઇસફહાનના એક ઇઝ્ઝતદાર શખ્સની દુકાને ૪૫ હજાર તુમાન આપવાનો હુકમ હતો. (અમુક કારણોસર મેં આ શખ્સનું નામ નથી આપ્યું.) જ્યારે હું જાગ્યો, તો હું મૂંઝવણમાં પડ્યો કે આ સ્વપ્ન પ્રમાણે કરવું કે નહી. બીજું મારી પાસે આટલા બધા પૈસા છે કે નહિ તે પણ મને ખબર ન હતી. છતાં જ્યારે હું પૈસા ગણવા બેઠો, ત્યારે મને અચંબો થયો કે મારી પાસે બરાબર ૪૫ હજાર તુમાન જ છે !

તેથી મેં દુકાને જઇને પૈસા આપવાનો નિર્ણય કર્યો. જ્યારે હું તે દુકાને પહોંચ્યો તો મને અચરજ થયું, કારણ કે  તે ત્યાંના નામાંકિત માણસોમાંનો એક હતો અને હું તેને ઓળખતો હતો. તે દુકાનમાં બીજા પણ બે માણસો હતા તેથી મેં તેને બાજુપર બોલાવ્યો અને તેના કાનમાં કહ્યું કે મને તમારૂં જરૂરી કામ છે. હું તેને બાજુની મસ્જિદમાં લઇ ગયો. મસ્દિમાં ચણતરનું કામ ચાલુ હતું અને અમુક મજૂરો કામ કરી રહ્યા હતા. તેથી હું તેને 'વરન્ડા'માં લઇ ગયો અને પૂછ્યું, 'તમને શું તકલીફ છે તે જણાવો જેથી હું તમારી મદદ કરી શકું.' તેણે કંઇ પણ કહેવાનો ઇન્કાર કર્યો. મેં ફરી દબાણ કર્યું પણ તે કાંઇ બોલ્યો નહીં. છેવટે મેં ૪૫ હજાર તુમાન તેને આપી દીધા પણ તેને મેં કહ્યું નહીં કે કેટલા તુમાન છે, જ્યારે મેં તેને પૈસા

આપ્યા તો તે જોરજોરથી રડવા લાગ્યો અને કહ્યું, ‘મારા ઉપર ૪૫ હજાર તુમાનનો કરજો છે. મેં ૪૦ દિવસ ઝિયારતે આશૂરા પડવાની કસમ ખાધી છે અને આજે તેનો છેલ્લો દિવસ છે.’

## (૧૨) ગૈબી મદદ

મશહૂર આલિમ સૈયદ સાદિક રૂહાની લખે છે કે, ‘એક બુઝુર્ગ માણસ મારી પાસે આવ્યા કરે છે અને વાતચીત દરમિયાન અમુક આગાહીઓ કરે છે જે વખત જતાં સાચી સાબિત થાય છે. છેવટે મારાથી ન રહેવાયું અને મેં તેને પૂછયું, તમો આ આગાહીઓ શું હિસાબે કરો છો? તમારી આગાહીઓ બધી સાચી કેમ પડે છે?’ તેણે જવાબ આપ્યો, ‘એક બહુજ ઝઇફ માણસ મારી પાસે આવે છે અને આ બધી આગાહીઓ મને જણાવે છે. એક

દિવસ તે ઝઇફ માણસે મને કહ્યું, 'તમને ખબર છે હું તમને આ આગાહીઓ કેમ જણાવું છું? કારણ કે તમો રોજ સય્યદુશ શોહદા ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત પઢો છો.' સૈયદ સાદિક રૂહાની પાસે જે બુઢો શખ્સ આવતો હતો તેણે કહ્યું, 'હું રોજ મધ્યરાત્રિએ ઉઠુ છું અને કિબ્લા તરફ મોઢું કરી ઝિયારતે આશૂરા પઢું છું જેમાં લાનત અને સલામ ૧૦૦-૧૦૦ વખત પઢું છું.'

## (૧૩) ઝિયારતે આશૂરાનો પડદો

નઇમ શહેરમાં મારી મુલાકાત એક વિદ્વાન આલિમ સાથે થઇ. તેની સાથેની દરેક મુલાકાત પછી મારી ઇબાદત અને અલ્લાહ તથા અઇમ્મા (અ.સ.)થી મારી દુઆઓમાં વધારો થતો હતો. એક દિવસ તેણે મને કહ્યું, 'તમારા જેવા પઢેલા માણસો

ઝિયારતે આશૂરા કેમ છોડી દે છે અને તેના અનેક ફાયદાઓથી કેમ વંચિત રહે છે?' પછી આગળઇ બોલતાં કહ્યું, 'હું રોજ સવારે ઝિયારતે આશૂરા પઢું છું. એક વખત હું મશહદ જઇ રહ્યો હતો, ત્યારે મને જાણ થઇ કે મારી પાસે 'મફાતિહુલ જિનાન' કિતાબ નથી. મને બહુ અફસોસ થયો કે આજે હું ઝિયારતે આશૂરા નહિ પઢી શકું. અચાનક મને રસ્તાની સામે એક પડદો દેખાયો. મને બહુજ અચરજ થયું, જ્યારે મેં જોયું કે તે પડદા ઉપર ઝિયારતે આશૂરા લખેલી છે.મને બહુજ ખુશી થઇ અને મેં નિરાતે ઝિયારતે આશૂરા પઢી.' જ્યારે તે આ બધુ કહી રહ્યો હતો ત્યારે તે ધ્રુસ્કે ધ્રુસ્કે રડી રહ્યો હતો.

## (૧૪) ભૂલાઇ ગયેલ માનતા

એક અલવી બાનુ જે જનાબે ઝૈનબ

(સ.અ.) અને જનાબે રૂકય્યા (સ.અ.)ની ઝિયારત માટે સિરીયા (શામ) ગઇ હતી. તેણી કહે છે કે, જ્યારે હું તે જગ્યા પર પહોંચી જ્યાં કહેવાય છે કે ઇમામ હુસૈન (અ.સ.)નું સર મુબારક દફન થયેલ છે તો હું ધ્રુસ્કે ધ્રુસ્કે રોવા લાગી અને બેકાબુ થઇ ગઇ. રોતા રોતા મેં ઝિયારત પઢી. જ્યારે હું ઝિયારત પઢી રહી હતી ત્યારે મને લાગ્યુ કે હું સ્વપ્નમાં છું અને મારી સામે જે પડદો છે તે ઊંચકાઇ ગયો. મેં થોડી સ્ત્રીઓને જોઇ જેમાં મારી માં પણ હતી. બધી સ્ત્રીઓએ મારો આભાર માન્યો કે મેં તેઓ તરફથી ઝિયારત પઢી. અચાનક એક નૂરાની બાનુ ત્યાં આવ્યાં. બધી સ્ત્રીઓએ તે બાનુ પાસે પોતાની હાજતો રજૂ કરવા લાગી. હું પણ મારી હાજતો તેમની સામે રજૂ કરી. મેં કહ્યું, 'મેં એક મજલિસ રાખી છે જેમાં ઝિયારતે

આશૂરા પણ પઢાશે. તમો આ મજલિસમાં આવશો?' તેણીએ જવાબ આપ્યો, 'મેં હંમેશા તમારી મજલિસમાં હાજરી આપી છે. અને સાબિત કરવા માટે હું તમને એક પ્રસંગ યાદ દેવરાવું છું. એક વખત તમારો 'કઝીન'તેની ઘરવાળી સાથે નિયાઝ લઇને તમારી મજલિસમાં આવ્યો હતો. તેને ઘર બાબત કાંઇ તકલીફ હતી. તેણે મન્નત માની હતી કે જો તેની તકલીફ દૂર થઇ જશે તો તમારી મજલિસમાં આવ્યા કરશે. ઝિયારત પઢવાથી તેની તકલીફ દૂર થઇ ગઇ અને તેનું ઘર ચણાઇ ગયું છતાં તે મન્નત ભૂલી ગયો છે અને તમારી મજલિસમાં હાજરી આપતો નથી.'

આ બાનુની વાત સાંભળી જ્યારે ઝિયારતથી પાછા ફરીને હું તે માણસના ઘરે ગઇ અને આખો

પ્રસગ કહી સંભળાવ્યો. હજુ તો મેં વાત પૂર પણ નહોતી કરી કે તેના ચહેરાનો રંગ બદલાઇ ગયો અને તે રોવા લાગ્યો અને તેની ઘરવાળીને બોલાવી અને કહ્યું, 'જો આ શું કહે છે,' પછી તેણે મને કહ્યું, 'હું કામકાજમાં એટલો વ્યસ્ત થઇ ગયો હતો કે હું મન્નત પૂરી કરતા ભૂલી ગયો.'

## (૧૫) ઘરમાં રોશની

હું વઝીરી (ર.અ.)ની દુકાને ઝિયારતે આશૂરાની તફસીરની કિતાબ ખરીદવા ગયો. ત્યાં મારી મુલાકાત શેખ અલી અકબર સઇદી જે શાહ તહમસ મસ્જિદના પેશનમાઝ છે તેમની સાથે થઇ. જ્યારે મે તેમને કહ્યું કે હું શુ ખરીદવા આવ્યો છું ત્યારે તેમણે એક પ્રસંગ સંભળાવ્યો.

એક પારસી બાનુ મુસલમાન બની ગઇ હતી.

તેણીના લગ્ન એક કાચના વેપારી અબુલ કાસિમ સાથે થયા હતા. તેઓના લગ્નને ત્રણ વરસ થયા હતા પણ ઔલાદ નહોતી તેઓએ નક્કી કર્યુ કે તેઓ ૪૦ દિવસ સુધી ઝિયારતે આશૂરા પઢશે અને ઇમામ હુસૈન (અ.સ.) પાસે પોતાની હાજત માંગશે. તેઓએ ૪૦ દિવસ સુધી ૧૦૦ સલામ અને લાનત સાથે ઝિયારતે આશૂરા તથા દુઆએ અલ્કમાહ પઢી. અલ્લાહે તે બન્નેની ઝિયારત કબૂલ કરી અને ઇમામ હુસૈન (અ.સ.) ના વસીલાથી તેઓને ત્યાં દિકરાનો જન્મ થયો. આ દિકરો યઝદમાં હજુ સુધી પોતાના ઘરવાળા તથા બચ્ચાઓ સાથે જીવતો છે. (હી.સ.૧૪૨૦ સુધી)

## (૧૬)સલાહ

જનાબ મોહસલ યઝદી લખે છે કે હિ.સ.૧૩૮૦નો મોહર્રમનો મહિનો હતો. ઇરાનની

આલે રસૂલ મસ્જિદમાં મજલિસનો સિલસિલો ચાલુ હતો. એક રાત્રે મારો મજલિસ પઢવાનો વારો હતો. તે મજલિસમાં મેં કહ્યું કે જે કોઇ ૪૦ દિવસ સુધી ઝિયારતે આશૂરા પઢશે તેની દરેક મુશ્કેલીઓ અને તકલીફો ઝિયારત થકી દૂર થઇ જશે.

પછી એક દિવસ, જ્યારે હું મશહદના એક રસ્તા ઉપર ચાલી રહ્યો હતો તો મારી મુલાકાત ઇરાનના એક શિક્ષક મોહમ્મદ હુસૈન ફીદાઇ બહરજન્દી સાથે થઇ જેઓ અકીદાના પાકા હતા અને એહલેબૈત (અ.સ.)ના મોહીબ હતા. તેઓ મશહદમાં સ્થાઇ થઇ જવા માંગતા હતા પણ થઇ શકયા નહિ. દૂઆ સલામ બાદ તેઓએ મને પૂછયું તમને ખબર છે મારી બદલી હવે મશહદમાં થઇ ગઇ છે, મે પૂછ્યુ : 'તે કેવી રીતે?'તેઓએ મને યાદ

અપાવ્યું, 'તમને એક મજલિસમાં કહ્યુ હતુ કે જે કોઇ ઝિયારતે આશૂરાના આમાલ બજાવી લાગશે તેની તકલીફો દૂર થઇ જશે. હું પણ તે આમાલ કરવા લાગ્યો. પછી રજાના દિવસોમાં હું ઝિયારત માટે મશહદ આવ્યો જયાં મારી મુલાકાત એક શખ્સથી થઇ. હું તેને પહેલાં કોઇ દિવસ મળ્યો ન હતો. તે શખ્સ મારા ખાનદાનનો લાગ્યો અને તેની વાતચીત કરવાની રીત પણ સારી હતી. તેણે મને પૂછયું, 'તમારી કોઇ તમન્ના છે, કોઇ હાજત જે પૂરી ન થઇ હોય?' મેં કહ્યું 'ના, મહેરબાની.' છતાં તે પૂછતો રહ્યો. છેવટે તે મને ખુરાસાન લઇ ગયો જ્યાં અમો ત્યાંના ગવર્નરને મળ્યા. હું તો અચરજ પામ્યો જાણે કે કેમ આ શખ્સને મારી તમન્ના પૂરી કરવા માટે ખાસ નીમ્યો હોય. બીધ વીધી પતી ગયા પછી તેણે કહ્યું,

‘હવે તમો તમારી પત્ની અને બચ્ચાઓ સાથે અહીં રહી શકો છો. તમારી બદલી હવે મશહદમાં થઇ ગઇ છે.’

## (૧૭) રોગચાળો

ઇરાન-ઇરાક લડાઇ ચાલુ હતી ત્યારે કુમના એક આલિમને ઇસ્ફહાનથી ફોન આવ્યો. કુમમાં રોગચાળો ફાટી નીકળ્યો તે પહેલાની આ વાત છે. તેણે કુમના આલિમને કહ્યું, ‘ગઇ કાલે મને તમારા સસરા સ્વપ્નમાં આવ્યા અને તમો ઝિયારતે આશૂરા છોડશો નહીં એમ કહેવાનું કહ્યું છે.’

થોડા દિવસો પછી કુમમાં રોગચાળો ફાટી નીકળ્યો. આ પ્રસંગ ઉપરથી જાણવા મળે છે કે અમુક રૂહોને ભવિષ્યની ખબર પડતી હોય છે. તેઓ જાણે છે કે શું થવાનું છે અને તે તકલીફો અને બલાઓથી

બચવાના ઉપયો પણ સૂચવે છે.

## (૧૮) મૂંઝવણમાં પડેલો મુસાફર

એક મશહૂર વિદ્વાન લખે છે કે તેઓ પરદેશ જવા માટે પાસપોર્ટ બનાવી રહ્યા હતા, તેઓએ પાસપોર્ટ મેળવવા માટે ઘણી કોશિશો કરી પણ ન મેળવી શકયા. છેવટે તેઓ હતાશ થઇ ગયા. તેઓ તેમના દોસ્તનો પાસપોર્ટ પણ ન બનાવી શકયા. આવી નિરાશાની હાલતમાં તેઓએ આયતુલ્લાહ બુરૂજરદી (ર.અ.)ને સ્વપ્નમાં જોયા. આયતુલ્લાહ બુરૂજરદી (ર.અ.) કહી રહ્યા હતા, 'મારે હાજી સૈયદ હસનનું શું કરવું ? તે બહુજ જીદ્દી માણસ છે.'

જ્યારે હું જાગ્યો, હું મૂંઝવણમાં પડયો. મને સમજણમાં આવ્યું કે આ સ્વપ્નનું શું સમજવું. પછી એક દિવસ, એક માણસે મને કહ્યું, 'તમો મુસાફરીની

તૈયારી કરો. તમારો પાસપોર્ટ તૈયાર છે.' મને અચરજ થયું. મેં પૂછ્યું, 'તમે કોણ છો? મારો પાસપોર્ટ કેવી રીતે તૈયાર થયો?' તેણે જવાબ આપ્યો, 'હું સૈયદ હાજી હસન છું. ઘણા દિવસથી હું મૂંઝવણમાં હતો કે તમારો 'પ્રબ્લેમ' કેમ દૂર કરવો. મેં ઘણી કોશિશો કરી પણ ન ફાવ્યો. છેવટે મેં ઇમામ હુસૈન (અ.સ.) ને ઝિયારતે આશૂરા થકી વિનંતી કરી. પછી મેં ૪૦ દિવસ સુધી આમાલે આશૂરા બજાવ્યા અને તે આમાલ થકી પ્રોબ્લેમ દૂર કરી શકયો.

## (૧૯)દુઆએ તવસ્સુલ અને ઝિયારતે આશૂરા

એક વખત નઇમ શહેરમાં મારી મુલાકાત હાજી હબીબ સાથે થઇ ગઇ. હાજી હબીબ એક

બહુજ પાક અને મોમીન માણસ હતા. તેઓ રોજ દુઆએ તવસ્સુલ પઢતા હતા. તેઓએ કહ્યું, હું છેલ્લા ૪૦ વરસથી ઝિયારતે આશૂરા પઢું છું. મને આ ઝિયારત થકી અનેક ફાયદાઓ થયા છે અને મારી જાહોજલાલી પણ ઝિયારત થકી જ છે. એક વખતે હું મુસીબતમાં ફસાઇ ગયો હતો. મેં અનેક વખત દુઆએ તવસ્સુલ પઢી પણ મારી મુસીબત દૂર થઇ નહી. છેવટે મેં ઝિયારતે આશૂરા ૪૦ દિવસ પઢવાનું નક્કી કર્યું. હું ઝિયારત પઢવા માટે રોજ રણમાં જતો હતો. ૨૯માં દિવસે મેં એક બુઝુર્ગ માણસને જોયા જેનો ચહેરો નૂરાની હતો. તેણે કહ્યું, 'તમો કેમ હતાશ અને નાઉમ્મીદ થાવ છો? તમારી મુસીબત દૂર થઇ ગઇ છે.' હું જલ્દી ઘરે આવ્યો. મને જાણવા મળ્યું કે થોડા માણસો મારી ગેરહાજરીમાં આવ્યા હતા. તેઓ

સંદેશો મૂકી ગયા હતા કે હું અમુક વખતે અમુક માણસને જઇને મળું. હું જ્યારે તે માણસને મળ્યો તો તેણે કહ્યું કે તે મારી શરતો મુજબ કામ કરવા તૈયાર છે.

## (૨૦) બહેન માટે ખુશખબર

જનાબ સૈયદ ઝૈનુલ આબેદીન અબરકીના એક નજીકના સગાને મોટો હાર્ટ એટેક (હ્રદય હુમલો) આવ્યો. તેની હાલત એટલી ખરાબ થઇ ગઇ કે તેને મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું. બધા ડોકટરોએ કહ્યું કે તેને ઇલાજ માટે તેહરાન લઇ જાવ. આ વાતની જાણ સૈયદ ઝૈનુલ આબેદીનને પણ કરવામાં આવી જેથી તેઓ દુઆ કરે. સૈયદે તેઓના કુટુંબીઓને વઝુ કરવાનું કહ્યું અને સૂરજના તેજ તડકામાં ઝિયારતે આશૂરા પઢવાનું કહ્યું. તેઓએ પણ તેની શિફા માટે

દુઆ કરી. થોડા વખત પછી તેઓ બહાર આવ્યા અને કહ્યું, 'બચ્ચાઓ, ઉભા થઇ જાવ. તે બીમાર ઉપરથી ખતરો ટળી ગયો છે.' એક માણસ જે સૈયદ ને બહુજ સારી રીતે જાણે છે તે કહે છે કે સૈયદની રૂહાની તાકાત અને મજબૂત અકીદાનું રહસ્ય એ છે કે તેઓ હંમેશા ઝિયારતે આશૂરા પઢતા હતા.

(હલ્લાતે અબરકી તબાતબાઇ,

કિતાબે વુલ્દીય્યતુલ મુત્તકીન, પાનું ૨૦)

## (૨૧) ઇમામનો ગમ

એક સૈયદે લખ્યું છે કે 'અનેક કામકાજનો બોજો અને જવાબદારીઓ છતાં હું ઝિયારતે આશૂરા માટે અચૂક વખત કાઢી લેતો હતો. જોકે દિવસમાં જ્યારે પણ વખત મળે ત્યારે તે પઢતો હતો. પછી મેં થોડા દિવસ આ ઝિયારત પઢવાનું બંધ કરી દીધું. આ

થોડા દિવસોમાં અમારી વચ્ચે થોડાક ઝઘડાઓ ઉભા થયા અને અમુક શરારતી માણસોએ આ ઝઘડાઓને મોટું સ્વરૂપ આપી દીધું. આ દરમિયાન એક રાત્રે મને સ્વપ્ન આવ્યું. તે સ્વપ્નમાં મેં જોયું કે મેં એક મજલિસ ઇમામવાડા/ઘરમાં રાખી છે. મેં જોયું કે' અમુક માતમી અંજુમનો ત્યાં આવી. આ અંજુમનો માતમ કરતી હતી અને પોતાના શરીર ઉપર ઝંજીરો મારતી હતી. હું આ અંજુમનોને આવકાર આપતો હતો અને તેઓ એક પછી એક દાખલ થતા હતા. આ બધી અંજુમનોમાં એક અંજુમન પોતાના અમલ સાથે શિસ્ત વગર આવી રહી હતી. મેં તેઓને આવકાર આપ્યો પણ તેઓ અંદર આવ્યા નહિ.

અચાનક મેં અકે માણસને એકલો ઉભેલો જોયો. મેં તેને અંદર આવવા કહ્યું પણ તેણે ના પાડી.

જ્યારે હું તેની નજદીક ગયો તો જોયું કે તેની ગરદન ઉપર એક ઊંડો ઘા હતો. કદાચ આ જખ્મના કારણે તે અંદર આવવાની ના પાડતો હતો અને તે અંજુમનવાળાઓને જણાવ્યા વગર ત્યાંથી ચાલ્યો ગયો.

જ્યારે હું જાગ્યો ત્યારે મેં આ સ્વપ્ન, એક સ્વપ્નની તાબીર જાવવાવાળા હોંશિયાર માણસને જણાવ્યું. તેણે કહ્યું કે તમો પહેલાં રોજ ઝિયારતે આશૂરા પઢતા હતા પણ થોડા દિવસોથી તમોએ તે પઢવાનું બંદ કરી દીધું છે. આ કારણે તમારા દુશ્મનોએ માથુ ઉચક્યું છે. તમોને આ તકલીફો ઝિયારતે આશૂરા ન પઢવાના કારણે થઇ છે. તમો આ ઝિયારતે આશૂરા પઢવાનું તુરત શરૂ કરો. મેં તેને સલાહ માનવાનું નક્કી કર્યું અને ઝિયારતે આશૂરા

પઢવી શરૂ કરી દીધી. હજુ તો ૪૦ દિવસ ન હોતા થયા ત્યાં તો ખુદાના ફઝલો કરમથી મારી બધી તકલીફો દૂર થઇ ગઇ.

## (૨૨) ડો. મોહમ્મદ હાદી (ર.અ.)નું સ્વપ્ન

મશહૂર કિતાબ અલ-ગદીરના લેખક આયતુલ્લાહ અલ્લામા અમીની નજફી (ર.અ.)ના ફરઝંદ ડો. મોહમ્મદ હાદી (ર.અ.) લખે છે કે 'તેઓએ તેઓના વાલિદે બુઝુર્ગવારને તેમના મરણને ચાર વરસ થયા પછી સ્વપ્નમાં જોયા. આ બનાવ હિ.૧૩૯૪નો છે. આ સ્વપ્ન ગુરૂવારે વહેલી સવારે આવ્યું હતું. પિતાશ્રી બહુજ ખુશ હતા. હું આગળ વધ્યો, પિતાશ્રીને સલામ કરી અને તેઓના હાથ ચૂમ્યા. મેં પૂછ્યું, 'તમોએ એવું તે શું કામ કર્યું હતું કે તમો આટલા ખુશખુશાલ છો?' તેઓએ કહ્યું, 'તમે

શું કહ્યું ?' મેં ફરી કહ્યું, 'તમોએ એવું શું કામ કર્યું છે કે તમો આટલા ખુશખુશાલ છો? શું તમોએ અલ-ગદીર અને બીજી કિતાબો લખી છે તે કારણસર કે તમોએ અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.)ના નામે લાઇબ્રેરી ખોલી છે તે થકી તમો આટલા ખુશ છો? તેઓએ કહ્યું, 'તમો શું કહેવા માંગો છો એ મને સમજાતું નથી, મહેરબાની કરીને ખુલાસાવાર સવાલ પૂછો.' મેં કહ્યું, 'પિતાશ્રી, તમો અહીંની દુનિયા છોડી હંમેશ રહેવાની જગ્યા પર ચાલ્યા ગયા છો. તમોએ એવી શું મઝહબી સેવા કે ફરજ અદા કરી છે કે તમોને નજાત મળી ગઇ?'

થોડો વખત વિચાર કરીને મારા પિતાશ્રીએ જવાબ આપ્યો. 'મારા ફરઝંદ, આ ફક્ત અને ફક્ત સય્યદુશ્શોહદા હ. ઇમામ હુસૈન (અ.સ.)ના રોઝાની

ઝિયારતના કારણે છે.’ મેં કહ્યું, ‘પિતાશ્રી તમો તો જાણો છો કે ઇરાન-ઇરાકની લડાઇના લીધે બન્ને દેશોના સંબંધો તૂટી ગયા છે જે થકી કરબલા ઝિયારત માટે જવું અસંભવ છે.’ તેઓએ કહ્યું, ‘ઇમામ હુસૈન (અ.સ.)ની મજલિસોમાં શિરકત કરો. તમોને એટલો જ સવાબ મળશે જેટલો સવાબ ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતનો છે. મારા ફરઝંદ, મેં આગળ પણ ઘણી વખત કહ્યું છે અને આજે પણ ફરી વખત કહું છું. બેટા, ઝિયારતે આશૂરા પઢવાનું કદી પણ છોડજે નહી. તેને એક બહુજ મહત્વની ફરજ સમજજે અને તેને તારી જિંદગીમાં ઊંચું સ્થાન આપજે. આ ઝિયારતની અસરો અને ઝરીઓ જ દુનિયા તથા આખેરતમાં નજાતનું કારણ છે... મને તારી દુઆઓની ઉમ્મીદ છે.’

અલ્લામા અમીનીના ફરઝંદ લખે છે કે, 'મારા પિતાશ્રી અનેક પ્રવૃત્તિઓમાં મશગૂલ હોવા છતાં અચૂક ઝિયારતે આશૂરા પઢતા હતા અને બીજાઓને પણ તે પઢવાની ભલામણ કરતા હતા. જેથી હું પણ ૩૦ વરસથી બરાબર ઝિયારતે આશૂરા પઢું છું.'

## (૨૩) મોહીબ્બે અહલેબૈતના સલામ

આયતુલ્લા સૈયદ મુરતુઝા મુવહહીદ અબ્તહી લખે છે કે, 'ઇરાનમાં જ્યારે તંબાકુ બાબતનો ઝઘડો શરૂ થયો ત્યારે ઇસ્ફહાનના અમુક વિદ્વાનો ઝાલિમ શાસનનો સામનો કરવા ઉભા થયા. તેઓનો બળવો કામ્યાબ થયો અને સરકારને હાર માનવી પડી. પછી રાજ્યના અધિકારીઓએ અરબી ભાષામાં કાળગ લખીને આયતુલ્લા મિર્ઝા મોહમ્મદ હુસૈન શીરાઝીને

નજફમાં પહોંચાડે’

હાજ મિર્ઝા બૂરૂજરકી કાગળ આપવા સામર્રા ગયા અને હાજ મિર્ઝા ફતેહ અલી સુલતાનાબાદીને મળ્યા (જેઓ આયતુલ્લાહ હાજ મિર્ઝા હુસૈન નદવીના ઉસ્તાદ છે અને જેઓએ મશહૂર કિતાબ ‘અલ કલેમતુત તય્યેબા ફી ઇન્ફાક’ લખી છે). હાજ મિર્ઝા ફતેહઅલી સુલતાનાબાદીએ મિર્ઝા બૂરૂજરદીને આવકાર આપ્યો અને કહ્યું, ‘મને ખબર છે તમો શું કામ માટે આવ્યા છો. તમો કાગળ આપવા આવ્યા છો.’ પછી મિર્ઝા ફતેહઅલીએ કાગળમાં શું લખ્યું છે તે કહેવા લાગ્યા. જો કે કાગળ તો હજુ મિર્ઝા બૂરૂજરદીના હાથમાં જ હતો. તેઓએ કાગળનું લખાણ અક્ષરક્ષ કહીને પોતાની રૂહાની તાકતનો પરિચય આપ્યો. જ્યારે મિર્ઝા બૂરૂજરદીએ

આ જોયું તો તેઓને ઘણ અચંબો થયો અને મિર્ઝા ફતેહઅલીને કાંઇ નસીહત કરવા જણાવ્યું. મિરઝા ફતેહઅલીએ કહ્યું, 'તમો પોતે ઘણા જ પરહેઝગાર છો. તમને શું શીખામણ આપું.' જ્યારે મિર્ઝા બૂરૂજરદીએ બહુ ભાર મૂકયો અને કહ્યું, 'હું ઇચ્છુ છું કે તમો મને થોડી નસીહતો આપો જે મારા માટે હીદાયત હોય.' મિર્ઝા ફતેહઅલીએ જવાબ આપ્યો, 'કદી આ ત્રણ ચીજો છોડજો નહીં.'

(૧) દરેક મહિનાની શરૂઆતની નમાઝ

(૨) કોઇના મરણની ખબર મળે તો નમાઝે વહેશત જરૂર પઢજો અને

(૩) હંમેશા ઝિયારતે આશૂરા પઢજો.

આ પ્રસંગ પછી મિર્ઝા બૂરૂજરદી હંમેશા

ઝિયારતે આશૂરા પઢતા હતા, ત્યાં સુધી કે આશૂરાના દિવસે તેઓ દરેક શહીદના તરફથી આ ઝિયારત પઢતા હતા. તેઓએ કદી પણ આ ઝિયારત છોડી નથી. જો કોઇ મજલિસ અથવા મસ્જિદમાં તેઓ હોય તો પણ તેઓ આ ઝિયારત પઢતા હતા. તેઓ આ ઝિયારત એટલા ધ્યાનથી પઢતા હતા કે જરા પણ ખલલ થાય તે તેઓને ગમતું નહિં. એક વખત તેઓ દાવતમાં ગયા. ત્યાં બધા જમવા બેઠા. મિર્ઝા બૂરૂજરદી પણ બીજા મહેમાનો સાથે બેઠા હતા. પણ તેઓએ ઝિયારત પઢવાનું શરૂ કર્યું જેથી તેઓ જમ્યા નહી. જ્યારે મેજબાનને આ વાતની ખબર પડી તો તેઓએ જમવાનું મિર્ઝા બૂરૂજરદીના ઘરે મોકલ્યું. મિર્ઝા બૂરૂજરદીના જમાઇ મિર્ઝા મોહમ્મદ બાકર, જેઓ ફઝા-એ-અકબરના લેખક છે, તેઓ લખે છે

કે, 'મેં જોયું કે જ્યારે મિર્ઝા બૂરૂજરદી 'સકરાત'ની હાલતમાં હતા ત્યારે પણ તેઓ ઝિયારતે આશૂરા પઢવામાં મશગૂલ હતા. જ્યારે દર્દ વધી જતું હતું ત્યારે તેઓ થોડીવાર અટકી જતા હતા પછી પાછુ પઢવાનું શરૂ કરી દેતા હતા, જ્યાં સુધી કે તેઓ આ ફાની દુનિયા છોડી ગયા.'

## (૨૪) છેલ્લી ઈચ્છા

આયતુલ્લાહ હાજ સૈયદ મુરતુઝા મુવહહીદ અબ્તાહી લખે છે કે, 'આયતુલ્લાહ મોહમ્મદ હુસૈન શીરાઝીની ઇસ્લામ અને મુસલમાનોની સેવાઓની જેટલી તારીફ કરીએ એટલી ઓછી છે. તેઓએ કદી ઝિયારતે આશૂરા પઢવાનું તર્ક ન હોતું કર્યું.' તેઓ હંમેશા કહેતા હતા.'અલ્લાહથી મારી દૂઆ અને

અરજ છે કે હું મારી જિંદગીના છેલ્લા દિવસ સુધી ઝિયારતે આશૂરા પઢું.'

અલ્લાહે તેઓની દુઆ કબૂલ કરી અને જિંદગીના છેલ્લા દિવસે ઝિયારતે આશૂરા પઢીને તેઓ ગુજરી ગયા.

## (૨૫) લગ્નનો પ્રસ્તાવ

એક મશહૂર આલિમ લખે છે કે, 'થોડા વર્ષો પહેલાં, મારો એક દોસ્ત તેના લગ્ન વિષે બહુ મૂંઝવણમાં હતો. હતાશ થઇને તેણે મને કહ્યું,' 'મારા લગ્ન નથી થઇ રહ્યા જેથી હું બહુજ હતાશ થઇ ગયો છું. જ્યાં પણ હું લગ્નનો પ્રસ્તાવ મોકલુ છું મારો પ્રસ્તાવ ના મંજૂર થાય છે.' મેં કહ્યું, 'બની શકે છે કે તમો એવી જગ્યાએ પ્રસ્તાવ મોકલો છો જે તમારે

લાયક નથી.' તેણે જવાબ આપ્યો, 'ના, એવું કાંઇ નથી. જો તમને વિશ્વાસ ન હોય તો તમો કોઇ એવા ખાનદાનમાં મારો પ્રસ્તાવ લઇ જાવ જે તમને યોગ્ય લાગે.' મેં તેમની વાત કબૂલ કરી અને તેમનો પ્રસ્તાવ મારા દોસ્તના ઘરે લઇ ગયો. મને ખાત્રી હતી કે મારો દોસ્ત આ પ્રસ્તાવ જરૂર કબૂલ કરશે. પણ જ્યારે મારા દોસ્તે 'ઇસ્તેખારો' જોયો તો તેમાં 'ના' આવી. આ સાંભળીને તેણે કહ્યું, 'જો મેં કહ્યું ન હતું' મેં કહ્યું, 'કાંઇ વાંધો નહી. પણ જો હું તમને કોઇ કામ કરવાનું કહીશ તો તમો કરશો?' તેણે હા પાડી તો પછી મેં કહ્યું, '૪૦ દિવસ સુધી સવારે નમાઝ અને આમાલ (તાકેબાત) પછી તમો રોજ ઝિયારતે આશૂરા ૧૦૦ સલામ અને લાનત સાથે પઢજો. ઇન્શાઅલ્લાહ, તમારી હાજત પૂરી થશે.' હજુ તો તેણે ફક્ત ૨૮

દિવસ સુધી ઝિયારત પઢી હતી ત્યાં તે મારી પાસે આવ્યો અને કહ્યું, 'મારી સગાઇ એક સારી છોકરી સાથે થઇ ગઇ છે અને આજે સાંજે (અસ્રના વખતે) મારા લગ્ન છે અને હું ઇચ્છુ છું કે તમો પણ તેમાં હાજરી આપો.'

હું તે લગ્નમાં ગયો અને કહ્યું, 'તમો ભૂલજો નહીં કે હજુ ઝિયારતે આશૂરા પઢવાના ૧૨ દિવસ બાકી છે. આ ઝિયારતના થકી જ તમારા લગ્ન થયા છે અને ભવિષ્યમાં જ્યારે પણ જરૂર પડે આ ઝિયારત થકી તમારી હાજતો માંગજો.'

## (૨૬) મુર્દાઓની ઇદ

હુજ્જતુલ ઇસ્લામ હાજ હુસૈન નિઝામુદ્દીન ઇસ્ફહાની લખે છે કે, 'હું હાજ અબ્દુલ ગફુરના ઘરે હતો, જેઓ મિર્ઝા મોહમ્મદ તકી ઇસ્ફહાની

(મિફ્યાલુલ મકારીમના લેખક)ના નોકર હતા. ત્યાં બીજા દોસ્તો પણ હતા. તેમાંથી એક શખ્સે કહ્યું' 'મારો ભાઇ ગુજરી ગયો છે. તેને મેં થોડા દિવસ પહેલાં સ્વપ્નમાં જોયો. તેણે બહુ સારા કપડાં પહેર્યા હતા. મને તેના આવા કપડાં જોઇએ અચંબો થયો. મેં પૂછ્યું,' 'તમારી પાસે આવા કપડાં ક્યાંથી આવ્યા? તમેઓ દુનિયામાં કેવા આમાલ કર્યા છે તે હું જાણું છું. તમો આવા સારા વસ્ત્રોના હકદાર નથી.' તેણે કહ્યું, 'તમો સાચું કહો છો. બેશક, મારા આમાલ શરમજનક હતા અને હું આ વસ્ત્રોને લાયક નથી. પણ ગઇકાલે અમો મુડદાઓ માટે જાણે ઇદ હતી. એક મોમીના સ્ત્રીને કાલે દફન કરવામાં આવી હતી. તેણીના દફન પછીની પહેલી રાત્રે, સૈય્યદુશ્શોહદા હ.ઇમામ હુસૈન (અ.સ.) તેણીની કબરની મુલાકાતે

આવ્યા. તેઓએ હુકમ આપ્યો કે તે મોઅ્મેના તથા આજુ બાજુની બધી કબરો પરથી અઝાબ હટાવી લેવામાં આવે. મારી કબર તેણીની કબરથી નજદીક હતી એટલે મારા પરથી પણ અઝાબ હટી ગયો, જેથી આજે તમો મને આ સુંદર વસ્ત્રોમાં જોઇ રહ્યા છો.'

બીજે દિવસ હું ઉઠ્યો ત્યારે સવારની નમાઝનો વખત હતો. નમાઝ પઢીને હું મશહૂર કબ્રસ્તાન જે ઇસ્ફહાનની નજદીક હતું જ્યાં મારા ભાઇને દફ્ન કરવામાં આવ્યા હતા, ત્યાં જવા નીકળ્યો જેથી હું મારા સ્વપ્ન વિષે તપાસ કરી શકું.

જ્યારે હું ત્યાં પહોંચ્યો, મેં થોડા માણસોને કબર પાસે બેસી કુરઆન પઢતા જોયા, મેં મોમેના સ્ત્રી જેને ગઇકાલે દફ્ન કરવામાં આવી હતી તે બાબતે

તપાસ કરી. તેઓએ જવાબ આપ્યો, 'હા, ગઇ કાલે રાત્રે તેણીને દફન કરવામાં આવી હતી.' પછી તેઓએ તે કબરની જગ્યા મને બતાવી. પછી હું તે મોમેના સ્ત્રીના દીકરાને મળવા ગયો, જે આયતુલ્લાહ મિર્ઝા અબુ માલી, મિર્ઝા બૂરૂજરદીના ઉસ્તાહ હતા. સલામ દુઆ પછી મેં તેમની માતાની વફાત બાબતે પુછ્યું. તેઓએ કહ્યું, 'તેઓ ગઇ કાલે રાત્રે ગુજરી ગયા.' 'શું તેઓ ઇમામ હુસૈન (અ.સ.)ના ગમની મજલિસ કરતા હતા? શું તેઓ પોતે ગમનું બયાન આ મજલિસોમાં પઢતા હતા? શું તેઓ કરબલાની ઝિયારત કરી આવ્યા હતા?' તેઓએ ત્રણે સવાલનો નકારમાં જવાબ આપ્યો અને મને પૂછયું, 'પણ તમો તેમની શું બાબત જાણવા માંગો છો?' મેં પછી મારૂ સ્વપ્ન તેઓને વિગતવાર કહ્યું. જ્યારે મેં મારી વાત

પૂરી કરી ત્યારે તેઓએ કહ્યું, હા, મારી મા રોજ સય્યદુશ્શોહદા હ. ઇમામે હુસૈન (અ.સ.)ની ઝિયારત પઢતા હતા.

મિર્ઝા અબુલ માલીની કબરની નજીક એક ઓરડો હતો જ્યાં હાજ અબ્દુલ ગફુર અને તેના દોસ્તા જમા થયા હતા. એક દિવસ ઇસ્ફહાનના ઘણા વિદ્વાનો ત્યાં એકઠા થયા હતા જેમાં મુસ્તુફા ફકીહ ઇમાની, શેખ અમીર અને હાજી હુસૈન મહદવી અરદકાની પણ હતા. હાજી અબ્દુલ ગફૂરે તે મોમેના સ્ત્રીના દીકરાની ઓળખાણ બધા સાથે કરાવી. તેઓએ તે કબર પણ બતાવી જ્યાં હ. ઇમામ હુસૈન (અ.સ.) આવ્યા હતા જેના થકી આ કબરની આજુબાજુની કબરોનો અઝાબ દૂર થયો હતો.

# (૨૭) મુસીબતો

એક માણસ લખે છે કે બે મુસીબતોના પ્રસંગે એવા આવ્યા હતા જે ઝિયારતે આશૂરાના પઢવાથી તે મુસીબતો દૂર થઇ ગઇ.

પહેલો પ્રસંગ :

મને ત્રણ તકલીફો હતી.

(૧) મેં ઘર ખરીદવા માટે ૨ લાખ તુમાન નો કરજો લીધો હતો, જેને એક વરસ થઇ ગયું હતું પણ હું તે કરજો અદા કરી શક્યો નથી. આ મોટા કરજાના કારણે હું બહુ તાણ અનુભવી રહ્યો હતો.

(૨) બીજી મારી તકલીફ એવી હતી કે હું કહી શકતો નથી.

(૩) ગરીબી

આ ત્રણે મુસીબતોને લીધે હું બહુ પરેશાન હતો. મેં જનાબે માસૂમાએ કુમ, જ. ફાતેમા (સ.અ.)નો વસીલો આપ્યો. મેં નક્કી કર્યું કે હું ૪૦ દિવસ સુધી ઝિયારતે આશૂરા પઢીશ અને તેનો સવાબ જનાબે નરજીસ ખાતૂન (સ.અ.)ને બક્ષી આપીશ અને તેમને અરજ કરીશ કે મારા તરફથી તેઓ ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.) ને સિફારીશ કરે જેથી મારી તકલીફ દૂર થઇ જાય. હું નમાઝે સુબ્હ પછી ઝિયારતે અમીનુલ્લાહ (અમીરૂલ મોઅમેનીન અ.સ.ની ઝિયારત) પઢતો હતો. ત્યાર પછી હું ઝિયારતે આશૂરા ૧૦૦ સલામ અને લાનત સાથે પઢતો હતો અને છેલ્લે દુઆએ અલ્કમાહ પઢતો હતો.

મારા આમાલને હજુ તો ૨૮ દિવસ જ થયા હતા કે મારી બીજી મુસીબત દૂર થઇ. ૩૭મા દિવસે,

મારો એક મિત્ર, જેની પાસેથી મારે પૈસા લેવાના હતા, તે આવીને મને પૂરી રકમ આપી ગયો અને કહ્યું, 'તારો કરજો ચૂકવી નાખ.' ૪૦ દિવસ પૂરા થયા તો મારી નાણાકીય તકલીફ પણ દૂર થઇ ગઇ. આવી રીતે મારી બધી તકલીફો દૂર થઇ ગઇ.

બીજો પ્રસંગ :

ઉપર જણાવેલ પ્રસંગને હજુ તો એક જ વરસ થયું હતું કે મને એક બીજી મુસીબત આવી પડી. હું અને મારા એક મિત્રે તેહરાનના એક વેપારી સાથે સોદો કર્યો હતો કે તે અમારા માટે અમુક માલ ખરીદે. મારા મિત્રે પૈસાનો બંદોબસ્ત કરીને તેને પૈસા મોકલી આપ્યા. સોદા પ્રમાણે અમને ત્રણ દિવસની અંદર માલ મળી જવો જોઇતો હતો પણ અમોને ખબર પડી કે આ વેપારીએ અમોને તથા એક બેંકને

૭ કરોડ તુમાનની છેતરપીંડી કરી હતી અને તે ભાગી ગયો હતો. અમોએ તે વેપારીને શોધવાની ત્રણ મહિના સુધી કોશિશો કરી પછી અમો હતાશ થઇ ગયા. છેવટે મેં ફરી ઝિયારતે આશૂરા થકી ઇમામે ઝમાના (અ.સ.) ની મદદ લેવાનું નક્કી કર્યું.

મેં ઝિયારત પઢવી શરૂ કરી. હજુ ૨૦ દિવસ જ થયા હતા કે તે વેપારીનો ફોન આવ્યો અને ૪૦ દિવસ સુધીમાં તો અમોને અમારી પૂરી રકમ મળી ગઇ. જોકે બીજાઓને તેઓના પૈસા મળ્યા નહી. છેવટે આ વેપારીની ધરપકડ થઇ અને તેને તેના ગુનાહો માટે જેલ જવું પડયું.

આવી રીતે, ઝિયારતે આશૂરા થકી મારી તકલીફો દૂર થઇ અને મને રાહત મળી. છતાં એક વાત કહેવી જરૂરી છે કે બન્ને પ્રસંગોએ જ્યારે હું

ઝિયારત પઢતો હતો તો હું ઇમામની તકલીફો અને ગમને યાદ કરતો હતો. અને ખુદ રૂદન કરતો હતો અને પુરા વિશ્વસા અને ભરોસાથી હું ઝિયારત પઢતો હતો.

## (૨૮) મૌતનું સ્વપ્ન

એક આલિમ કહે છે કે તેઓના કાકા સૈય્યદ અબુલ કાસિમ જેઓએ, 'ઉરવતુલ વુસ્કા'નું ભાષાંતર કર્યું છે અને જેઓ મુલ્લા હુસૈન કુલ્લી હમદાનીના જમાઇ છે, તેઓ રોજ ઝોહર પહેલાં ઝિયારતે આશૂરા પઢતા હતા. કોઇ કોઇ વખત તેઓ બે વખત ઝિયારત પઢતા હતા. એક વખત તેઓએ સ્વપ્ન જોયું જેમાં માણસો તેના જનાઝો તે જગ્યા ઉપર લઇ આવ્યા જ્યાં 'આગા મશહૂર' નમાઝે જમાત પઢાવતા હતા. તેઓએ એક રોશની પણ જોઇ જે જનાઝાથી જન્નત સુધી ફેલાએલી હતી, જેમાં

ઘણા બાગ-બગીચાઓ હતા. આ બગીચાઓમાંથી તેઓએ એક બગીચો જોયો.

થોડા વખત પછી, સૈયદ અબુલ કાસિમ ગુજરી ગયા. તેઓએ સ્વપ્નમાં જે જગ્યા જોઇ હતી ત્યાંજ તેઓને દફન કરવામાં આવ્યા. આગા બુઝુર્ગ તેહરાનીએ તેઓની નમાઝે જનાઝા પઢાવી. પછી આ આલિમ લખે છે કે, ‘મે ચોકસાઇ કરવા નક્કી કર્યું કે હું પણ સૈયદ અબુલ કાસિમે સ્વપ્નમાં જોયેલ બગીચો જોઇ શકુ છું કે નહિ. અને હું સૈયદે બતાવેલ બગીચો જોવામાં સફળ પણ થયો.’

## (૨૯) કરજ અદા કરવા બાબત

સૈયદ હસન ગરવી જે રઝા ગરવીના દિકરા છે, તેઓ લખે છે કે : ‘મારા પિતાનું કારખાનું ઇસ્ફહાનમાં હતું. આ પ્રસંગ હિ.સ. ૧૩૨૫નો છે. તે

કારખાનમાં ચોરી થઇ ગઇ. ચોર પકડાઇ ગયો, પણ તેણે તેનો ગુનોહ કબૂલ કર્યો નહીં જેથી તેને છ મહિનાની સજા થઇ. ચોરીનો માલ શોધવા માટે મારા પિતાએ ૪૦ દિવસ ઝિયારતે આશૂરા પઢવાનું નક્કી કર્યું. દરરોજ સવારે નમાઝ પછી તેઓ ઝિયારત, ૧૦૦ લાનત તથા સલામ અને 'દુઆએ અલ્કમા' પઢતા હતા. ૪૦ દિવસ પછી પણ ઝિયારત પઢવાનું ચાલુ રાખ્યું જેથી ચોરાએલ માલ મળી જાય.'

પચાસમે દિવસે, મારી ૧૧ વરસની બહેને સ્વપ્ન જોયું. તેમાં તેણીએ ૪ સૈયદ માણસ અને ૧ સૈયદ સ્ત્રીને એક રોટલીની દુકાન પાસેથી પસાર થતા જોયા. મારી બહેને તેઓને સલામ કરી. તેઓએ સલામનો જવાબ આપ્યો અને કહ્યું, 'તમારા પિતાને કહેજો કે અમો જલ્દી તમારો ચોરાએલ માલ પાછો

આપી દઇશું, પણ તમારા પિતાએ કરેલ કરજ તેઓએ અદા કરવો પડશે.'

થોડા દિવસો પછી, આ ચોરે બજારમાં માલ વેચવા માટે મૂક્યો. હવે અમારા માલ ઉપર અમારો માર્કો હતો. તે સિવાય અમારા ચોરાએલ માલની વિગતો છાપાઓમાં છપાઇ ગઇ હતી. જેથી માલ ખરીદવાવાળો સમજી ગયો કે આ માલ સૈયદ રઝા ગરવીનો છે. તે વેપારીની મદદથી અમોને ચોરને પકડી પાડ્યો. આ ચોર બીજો કોઇ નહીં પણ તેજ માણસ હતો જેને પકડવામાં આવ્યો હતો અને જેને છ મહિનાની સજા થઇ હતી. બાકી બચેલો માલ ચોરને પાછો આપવો પડયો અને તેણે પોતાની જિંદગીના બાકીના દિવસો તકલીફો અને ગરીબીમાં વિતાવ્યા.

અહીં જે કરજની વાત છે, તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. હિ.સ. ૧૩૨૧માં મારા પિતાજી હજ માટે મક્કા ગયા હતા. ત્યાં તેઓને આયતુલ્લાહ મોશીરેના પ્રતિનિધી હાજી હુસૈનઅલી દરબી કોશકી સાથે હિસાબ કરવાનો હતો મારા પિતાજીને યાદ આવ્યું કે તઓએ ૩૦૦૦ તુમાન આપવાના બાકી છે તેઓએ તુરત હુસૈનઅલી દરબીને ત્યાં ગયા અને રકમ આપી દીધી.

## (૩૦) બધા એક જ જગ્યા ઉપર

એક માણસ જણાવે છે કે મેં સ્વપ્ન જોયુ જેમાં આયતુલ્લા હુસૈન ખાદમી (ર.અ.), શેખ અબ્બાસ કુમ્મી (ર.અ.) અને શેખ અબ્દુલ જવાદ (ર.અ.) જન્નતના એક આલીશાન કમરામાં ભેગા થયા હતા. મેં આયતુલ્લાહ ખાદમીને સલામ કરી અને

પૂછ્યું, ‘આજે કેમ તમો બધા એકજ જગ્યાએ અને એક જ દિવાન ખાનામાં ભેગા થયા છો?’ આયતુલ્લાહ ખાદમીએ જવાબ આપ્યો, ‘અમો બધા હંમેશા ઝિયારતે આશૂરા પઢતા હતા અને જેટલી વાર મેં ઝિયારતે પઢી છે તેટલી જ વાર આ બન્નેએ પઢી છે.’

## (૩૧) અસાધ્ય રોગ

એક વિદ્વાન કહે છે કે, ‘મારી પત્નીને શરીરે ગાંઠ થઇ હતી. જોકે મને ખબર હતી નહી. એક રાત્રે મેં સ્વપ્નમાં જોયું કે હું એક ઓરડામાં ફસાઇ ગયો છું અને ત્યાંથી નીકળવાનો કોઇ રસ્તો નથી. આ ઓરડામાં ફક્ત ત્રણ દિવા બળી રહ્યા હતા. જે અંધારૂં દૂર કરી રહ્યા હતા. થોડા વખત પછી આ ઓરડામાં

એક ઊંટ દાખલ થયું અને દરવાજા પાસે રસ્તો રોકીને બેસી ગયું. મને ડર લાગવા લાગ્યો. મેં દુઆ કરવાનું શરૂ કર્યું ત્યાં તો મારી આંખ અચાનક ખુલી ગઇ.

થોડા દિવસ પછી મારી પત્ની બીમાર પડી. તુરત જ હું તેને ડોકટર પાસે લઇ ગયો જેણે મને ગાંઠની જાણ કરી અને કહ્યું કે જો તુરત શસ્ત્રક્રીયા (ઓપરેશન) કરવામાં નહીં આવે તો જીવન જોખમમાં છે. લગભગ બધા લોકોનું એવું માનવું હતુ કે ઇરાની ડોકટરો કાંઇ કરી શકશે નહિં અને મારે બીજો કોઇ રસ્તો વિચારવો જોઇએ. છતાં પણ એક ઇરાની ડોકટર જેનું નામ સઇદ હતું તે આ ઓપરેશન કરવા તૈયાર હતો. પણ તેની ફી બહુ વધુ હતી જે હું આપી શકુ તેવી સ્થિતિ હતી નહીં. પછી મેં નક્કી કર્યું કે આશૂરાના આમાલ બજાવી લાવીશ અને ઇમામે

ઝમાના (અ.સ.)ના વસીલાથી મદદ માંગીશ.

પછી જ્યારે ઓપરેશન થઇ ગયું તો હું ફી લઇને ડોકટર પાસે ગયો પણ તેણે તે લેવાનો ઇન્કાર કર્યો. ડોક્ટરે ખુલાસો કર્યો,' 'મને ઉમ્મીદ ન હતી કે આ ઓપરેશન સફળ થશે. જેથી મેં મન્નત કરી હતી કે જો આ ઓપરશેન સફળ થશે તો હું ફી નહીં લઉં.' ખુદાના ફઝલો કરમથી ઓપરેશન સફળ થયું અને બીમાર ને શફા મળી ગઇ.

આ વિદ્વાન કહે છે કે, 'મારા ઉપર કોઇ પણ એવી મુસીબત નથી પડી જે આશૂરાના આમાલથી દૂર ન થઇ હોય.'

## (૩૨) અવિશ્વાસુ મુસાફર

એક સૈયદ લખે છે કે, 'હિ.સ.૧૩૭૦ના હજની સિઝન પહેલાંની આ વાત છે. સરકારે જાહેર

કર્યું હતું કે જેઓ પાસે ‘પરમીટ’ છે તેઓજ હજ માટે જઇ શકશે.’

‘આ જાહેરાતથી હું પરેશાન થઇ ગયો કારણ કે હું હજ માટે જવા માંગતો હતો. મેં ઝિયારતે આશૂરા પઢવી શરૂ કરી દીધી અને હ. ઇમામ હુસૈન (અ.સ.) ની મદદ માંગવા લાગ્યો. ૪૦ દિવસ પૂરા થયા છતાં કાંઇ પરિણામ આવ્યું નહીં. પછી એક રાત્રે હું ‘દાસ્તાને શગુફ્તા ઝિયારતે આશૂરા’ના લેખકની પાસે ગયો અને મારી મુસીબત જણાવી.’ તેઓએ ઝિયારતે આશૂરા થકી જે જે લોકોને ફાયદા થયા હતા તેવા પ્રસંગો ભેગા કર્યા હતા. પણ તેઓએ તેવા પ્રસંગો એકઠા કર્યા ન હતા જેમાં ઝિયારતે આશૂરાના આમાલ પછી કાંઇ ફાયદો થયો ન હતો. મેં તેઓને વિનંતી કરી કે તેઓ એવા પ્રસંગો પણ એકઠા કરે

જેમાં ઝિયારતે આશૂરા પઢવા પછી જેઓની ઇચ્છા પૂર્ણ થઇ ન હોય. હું ઇચ્છતો હતો કે '૪૦ દિવસ જો ઝિયારતે આશૂરા પઢો તો તમારી ઇચ્છા પૂર્ણ થાય છે.' તે શ્રદ્ધા ખોટી પુરવાર કરૂં.

તે રાત્રે મારો ભાઇ આવ્યો અને કહ્યું, 'આપણી પૂરી કોશિશો છતા સરકારના વલણમાં કાંઇ ફેરફાર નથી. આવતી કાલે આપણે તેહરાન જઇશું કદાચ ત્યાં આપણું કામ થઇ જાય.' બીજે દિવસે અમે બધા દસ્તાવેજો (ડોક્યુમેન્ટસ) લઇને તેહરાન ગયા. પણ ત્યાં અમોને નિરાશા સાંપડી. અમે કુમ જવાની તૈયારી કરી રહ્યા હતા કે એક માણસ અમારી પાસે આવ્યો અને કહ્યું કે તમો ફલાણા માણસ ને મળો. કદાચ તમારૂં કામ થઇ જાય. તેણે કહ્યું કે આગળ પણ ઘણી વખત તે માણસે તેનું કામ કરી આપ્યું છે. મેં

મારા ભાઇ ને કહ્યું કે જો આજે આપણું કામ થઇ જશે તો તે આમાલે આશૂરા અને ખુદાની મહેરબાની થકી અમે તે માણસને મળ્યા. અમારો 'કેસ' જોઇને તેણે પણ હાથ ઊંચા કરી લીધા અને કહ્યું, 'તમારા 'કેસ'નો કોઇ નિકાલ દેખાતો નથી. અને સમજમાં નથી આવતું કે શું કરૂ.' અમે હજી ચર્ચા કરી જ રહ્યા હતા ત્યાં તો ફોનની ઘંટી વાગી. સામે છેડેથી અફસરે કહ્યું કે બીજા ૧૫ માણસના પાસપોર્ટનો બંદોબસ્ત કરો જેથી તેઓ પણ હજ પર જઇ શકે. મેં અરજ કરી કે આ પંદર માણસોના નામમાં મારૂ નામ પણ ઉમેરવામાં આવે. ત્યાં તો બીજો ફોન આવ્યો, અને આ માણસને કહેવામાં આવ્યું કે તેની માતા છેલ્લા શ્વાસો ગણી રહી છે અને તેણે તુરત હાસ્પિટલમાં જવું જોઇએ. આ માણસે મારા પાસપોર્ટ બાબતે હુકમ આપ્યો અને હોસ્પિટલ જવા રવાના થયો. ૧ લી

ઝિલ્હજ સુધી મારો પાસપોર્ટ તૈયાર થઇ ગયો અને ૨જી ઝિલ્હજના તો પાસપોર્ટ મારા હાથમાં હતો અને ૩જી ઝિલ્હજના તો હું જીદ્દા જવા રવાના થઇ ગયો. આવી રીતે મને ખુદાના ઘરની હજ કરવાનું નસીબ થયું.

અહીં આ ઉલ્લેખ કરવો જરૂરી છે કે બીજા પણ ઘણા માણસો હતા જેઓ હજ પર જવા માટે તત્પર હતા. તદ્ ઉપરાંત તેઓના પાસપોર્ટ તૈયાર હતા છતાં તેઓ હજ માટે જઇ શકયા નહીં.

જ્યારે હું હજ કરીને પાછો આવ્યો ત્યારે મારા એક મિત્રની મુલાકાત થઇ જેણે હજ પર જવા માટે અલ્લાહ પાસે ઘણી દુઆઓ માંગી હતી છતાં તે જઇ શક્યો નહીં. મેં પૂછયું, 'તમોએ ઝિયારતે આશૂરા પઢી હતી?' તેણે જવાબ આપ્યો, 'ઝિયારતે

આશૂરા સિવાય મેં બીજી બધી દુઆઓ પઢી હતી.' આ સાંભળીને મને મારી ભૂલ સમજમાં આવી કે ઝિયારતે આશૂરા પ્રત્યેનો મારો અવિશ્વાસ ખોટો હતો. હવે મારે માનવું પડયું કે આ ઝિયારતની અસરો ચમત્કારીક છે.

## (૩૩) ૪૦ વિદ્યાર્થીઓની પસંદગી

આયતુલ્લાહ હુજ્જત કુહ કમરઇ (ર.અ.) અને આગાએ ગુલમોહમ્મદ અભારીના નજીકના સાથી આગા નાસીરીએ આ પ્રસંગ લખ્યો છે. (બીજા લોકોએ પણ આ પ્રસંગ નકલ કર્યો છે). તે દુકાળનો સમય હતો. લોકો પરેશાન હતા અને સમજમાં આવતું ન હતું કે શું કરવું. બધા વિદ્યાર્થીઓ પણ પરેશાન હતા કારણ કે તેઓનું મહિનાનું ભથ્થુ ૧૦ તુમાન હતું, જ્યારે એક રોટલી ૧ તુમાનમાં મળતી

હતી. છેવટે આયતુલ્લાહ હુજ્જત કુહ કમરઇ (ર.અ.) ૪૦ વિદ્યાર્થીઓને બોલાવ્યા અને મસ્જિદે જમકરાન જવા કહ્યું. દરેકે ઝિયારતે આશૂરા પઢવાની હતી અને ઇમામે મૂસે કાઝિમ (અ.સ.), જનાબે અબુલ ફઝલીલ અબ્બાસ (અ.સ.) અને જનાબે અલી અસગર (અ.સ.)થી મદદ માંગવાની હતી. આ ૪૦ વિદ્યાર્થીઓ એ ઝિયારત પઢવાનું શરૂ કર્યું. આ ફક્ત ઝિયારતની બરકત હતી કે અચાનક ઘનઘોર વાદળો છવાઇ ગયા અને વરસાદ શરૂ થઇ ગયો. દુકાળનો ડર દૂર થયો અને લોકોએ નિરાંતનો શ્વાસ લીધો.

## (૩૪) 'મા ઊઝેય નબીય્યુન....'

નબીએ મુરસલ હ. મોહમ્મદ (સ.અ.વ.) નો ઇરશાદ છે કે, 'મા ઊઝેયા નબીય્યુન, મસલ મા ઉઝીતો...' જેનો તરજૂમો એ છે કે, 'મને જે તકલીફો

અને મુસીબતો નો સામનો કરવો પડયો છે તે આગલા નબીઓને નથી કરવો પડયો.'

આ હદીસ ના અનુસંધાનમાં આયતુલ્લા શેખ અરાકી લખે છે કે અનેક તકલીફો ઉપરાંત એક એવી મુસીબત જે બીજા નબીઓને સહન કરવી નથી પડી તે મુસીબત છે અહલેબૈત (અ.સ.) પર રસૂલે ખુદાની વફાત પછી થયેલ ઝુલ્મ. જે જે મુસીબતો એહલેબૈત (અ.સ.) પર પડી તેમાં કરબલા પણ છે. અલ્લાહે જિબ્રઇલ મારફત રસૂલે ખુદા (સ.અ.વ.)ને આ મુસીબતની જાણ કરી હતી અને પોતાની વફાત પછી એહલેબૈત (અ.સ.) પર થનારા ઝુલ્મોની વિગતો સાંભળી તેઓ ગમગીન રહેતા હતા. જેથી તેઓને દીલાસો આપવા માટે અલ્લાહે રસૂલે ખુદાને ઝિયારતે આશૂરા શિખવી હતી અને તેના

ફાયદાઓથી વાકીફ કર્યા હતા. આ ઝિયારત થકી કરાએલ દુઆઓને કબૂલ કરવાની બાંહેધરી અલ્લાહે પોતે આપી છે.

અલ્લાહે આ ઝિયારત જિબ્રઇલ મારફત રસૂલે ખુદા (સ.અ.વ.)ને આપી, જેથી એહલેબૈત (અ.સ.) અને શિયાઓ ખુશ થાય. જે લોકો આ ઝિયારત પઢે છે તેઓએ ખુશ થવું જોઇએ કે આ ઝિયારતથી તેઓને દુનિયા તથા આખેરતના ઘણા ફાયદાઓ થાય છે અને અનેક તકલીફોથી રાહત મળે છે આ જ કારણ છે કે હ. ઇમામે સાદિક (અ.સ.), તેઓના દાદા હ. ઇમામે હુસૈન (અ.સ.) અને તેઓએ તેમના ભાઇ હ.ઇમામ હસને મુજતબા (અ.સ.) અને તેઓએ તેમના વાલિદે બુઝુર્ગવાર હ. ઇમામે અલી (અ.સ.) અને તેઓએ રસૂલે ખૂદા

(સ.અ.વ.)થી અને તેઓએ જિબ્રઇલ (અ.સ.)થી અને જિબ્રઇલે અલ્લાહ (સુ.વ.ત.) થી આ રિવાયત કરી છે કે જો કોઇ મુસીબતમાં હોય અને ઝિયારત પઢીને દૂઆ કરે તો અલ્લાહ (સુ.વ.ત.) પોતાના જલાલ અને તાકતથી અને એહલેબૈત (અ.સ.)ની મોહબ્બત ખાતર તેની દુઆ કબૂલ કરશે.

આ લેખક ઉપર આ બધું લખ્યા પછી એક એવી મુસીબત આવી કે જેમાંથી નીકળવાનો કોઇ રસ્તો દેખાતો હતો નહી. મેં મુસીબત દૂર કરવા માટે ઝિયારતે આશૂરાનો સહારો લીધો. અલ્લાહ (સુ.વ.ત.)એ પોતાના ફઝલોકરમથી અને અહલેબૈત (અ.સ.)ના વસીલાથી મને એટલો જલ્દી મુસીબતથી છુટકારો આપ્યો કે મને આજ સુધી અચંબો થાય છે. આ જ કારણે મારી હાર્દિક ઇચ્છા

હતી કે હું દૂઆની કિતાબ લખું જેથી મારા મોમીન ભાઇઓ તેના થકી પોતાની હાજતો માંગી શકે અને આફત બલા દૂર કરી શકે.

## (૩૫) આયતુલ્લાહ બેહજતીની દૂરઅંદેશી

આ પ્રસંગ આ લેખકે પોતે લખ્યો છે :-

હિ.સ. ૧૪૧૨ની ૧૨મી ઝિલ્કાદ, શુક્રવારના હું આયતુલ્લાહ બેહજત ને મળવા ગયો, જેથી હું તેઓનો ઝિયારતે આશૂરા વિષેનો અભિપ્રાય જાણી શકું. મેં કહ્યું, ‘હું એક કિતાબ લખી રહ્યો છું જેમાં ઝિયારતે આશૂરા થકી જેઓની દુઆઓ કબૂલ થઇ છે અને જેઓને લાભ થયો છે તેની વિગતો એકઠી કરી રહ્યો છું. બહુ જલ્દી હું આ કિતાબ જનતાના લાભાર્થે છપાવવા માંગુ છું. હું ઇચ્છુ છું કે ઝિયારત વિષેનો તમારો અભિપ્રાય પણ હું તેમા

ઉમેરૂં તો મારી વિનંતી છે કે તમો તેના લાભો વિષે મને કહો.'

આયતુલ્લાહે કહ્યું, 'આ ઝિયારતનો વજુદ જ તેના ચમત્કારોનો પુરાવો છે. આ હકીકત નોંધપાત્ર છે કે હ. ઇમામે સાદિક (અ.સ.)મે આ ઝિયારત સફવાનને કહી જેથી તેનું મહત્ત્વ ઘણુ વધી જાય છે. હ. ઇમામે સાદિક (અ.સ.)એ સફવાનને કહ્યું,' 'જે આ ઝિયારત પઢશે તેના માટે હું આ ત્રણ ચીજેનો જામીન છું.'

(૧) તેની ઝિયારત કબૂલ થશે.

(૨) તેનો સવાબ મળશે અને

(૩) તે જે કાંઇ દુઆ માંગશે તે દુઆ કબૂલ થશે.

અને અય સફવાન ! આ જામીનની વાત મેં

મારા વાલિદથી અને તેમણે તેમના પિતાથી સાંભળી છે. અને આ સિલસિલો છેવટે અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.) સુધી પહોંચે છે. અમીરૂલ મોઅ્મેનીન (અ.સ.), આ હદીસ રસૂલે ખુદા (સ.અ.વ.)થી સાંભળી છે. જેઓએ જિબ્રઇલથી અને જિબ્રઇલે અલ્લાહથી સાંભળી છે. અલ્લાહ પાકે કસમ ખાધી છે કે જે કોઇ આ ઝિયારત દુઆએ અલ્કમાહ સાથે પઢશે. પછી તે દૂરથી હોય અથવા નજદીકથી- તેની ઝિયારત હું કબૂલ કરીશ અને તેની ઇચ્છાઓ પૂર્ણ કરીશ.'

આયતુલ્લાહ બેહજત પછી આગળ કહે છે કે, 'આ ઝિયારતના સિલસિલાને જોતાં આ હદીસને 'અહાદીસે કુદસી' માંની હદીસોમાંથી એક હદીસ માનવામાં આવે છે. ('અહાદીસે કુદસી'તે કલામ છે

જે અલ્લાહથી છે પણ કુરઆને શરીફમાં તેનો સમાવેશ નથી)આ તેજ ઝિયારત છે જે શિયાઓના બહુજ મશહૂર અને બુઝૂર્ગ આલિમો તેઓ દીની કામકાજમાં વ્યસ્ત રહેવા છતાં હંમેશા પઢતા હતા. દા.ત.

(૧) આયતુલ્લાહ શેખ મોહમ્મદ હુસૈન ઇસફહાની જેઓ મારા ઉસ્તાદ હતા અને જેઓએ ઘણી કિતાબો લખી છે તેઓ દુઆ કરતા હતા કે તેઓની રૂહ ઝિયારતે આશૂરા પઢતાં પઢતાં નીકળી જાય. અલ્લાહ (સુ.વ.ત.) તેઓની દુઆ કબૂલ કરી અને તેઓ ઝિયારતે આશૂરા પઢતાં પઢતાં ગુજરી ગયા.

(૨) આયતુલ્લાહ શેખ મુલ્લા સદરા જેઓ ફીક્હ માં પારંગત હતા. તેઓ ઝિયારતે આશૂરા પઢવાના પાબંદ હતા અને કદી તર્ક કરતા ન હતા. મારી જાણમાં તેઓ કરતાં વધુ ખુલુસ અને ચોકસાઇથી ઝિયારત

પઢાવાવાળા બીજા કોઇ હતા નહી.

(૩) એક મશહૂર વિદ્વાન લખે છે કે, ‘હું વાદીઉસ સલામમાં ઇમામે મહદી (અ.ત.ફ.)ના મકામે ઉભો હતો. મને અચંબો થયો કે એક નૂરાની ચહેરાવાળા બુઝુર્ગ ઝિયારેત આશૂરા પઢી રહ્યા હતા. જ્યારે હું તેઓની નજદીક ગયો તો મારો અચંબો વધી ગયો કેમ જાણે કોઇ પડદો ઊંચકાઇ ગયો હોય. મેં હ. ઇમામ હુસૈન (અ.સ.)નો રોઝો જોયો અને ઝાઇરીનોને આવતા જતા જોયા. મને મારી આંખો ઉપર વિશ્વાસ ન હતો. જેવો હું થોડોક પાછળ હટયો તો દ્રશ્ય આંખોથી ઓજલ થઇ ગયું. જ્યારે હું આગળ વધ્યો તો ફરી મને દ્રશ્ય દેખાણું. ઘણી વખત મેં આવી રીતે કર્યું અને દરેક વખતે તે જ પરિણામ આવ્યું.’

બીજે દિવસે સવારે, હું પાછો તે જ જગ્યાએ

ગયો જેથી હું તે ઝાઇરની ઓળખ કરી શકું. તેના પડોશીઓએ કહ્યું કે તે ઝાઇર આવતો હતો પણ હવે તે ચાલ્યો ગયો છે. મને તેને મળવાની ઘણી ઇચ્છા હતી, તો ફરી પાછો હું 'વાદીઉસ સલામ'માં ગયો. આ વખતે મેં બીજા કોઇ માણસને તે જગ્યા પર જોયો. મેં જ્યારે તેને પેલા માણસ વિષે પૂછયું તો તેણે કહ્યું કે તે ગઇ કાલે ચાલ્યો ગયો.

## (૩૬) હિદાયત

એક વિદ્વાન લખે છે કે 'મારા ઘરસંસારની તકલીફો અને મુસીબતોથી હું બહુ પરેશાન હતો. મારી મુસીબતોનો કોઇ ઇલાજ દેખાતો ન હતો અને મને શું કરવું તે સમજમાં આવતું ન હતું. એક દિવસ મારી નજર 'ઝિયારતે આશૂરા વ આસારે શગુફત'

(ઝિયારતે આશૂરા અને તેની ચમત્કારીક અસરો) નામની કિતાબ પર પડી. જ્યારે મેં તેમા ઝિયારતે આશૂરાની ઘણી ચમત્કારી અસરો વિષે વાંચ્યું તો મેં મારી તકલીફો દૂર કરવા માટે ઝિયારત પઢવાનું નક્કી કર્યું.'

મેં ઝિયારત પઢવાનું પહેલી સફર હિ.સ. ૧૪૧૨માં શરૂ કર્યું. હું આ ઝિયારત ને ૧૦૦ લાનત અને સલામ તથા દુઆએ અલ્કમાહ સાથે પઢતો હતો. ૩૪માં દિવસે ઈદે ઝહરા હતી જેથી મેં તે દિવસે ઝિયારત પઢી નહી. (ઈદે ઝહરા ૯મી રબીઉલ અવ્વલના મનાવવામાં આવે છે અને શિયાઓના ગમના દિવસો જે ૧ લી મોહર્રમથી શરૂ થાય છે તે ઈદે ઝહેરાના પૂરા થાય છે. આજ દિવસે ઉમર બીન સાઅદને કતલ કરવામાં આવ્યો હતો. ઇમામે ઝમાના

(અ.સ.)ની ઇમામત પણ આ દિવસે શરૂ થઇ છે.) થોડા દિવસો પછી મને સ્વપ્ન આવ્યું જેમા મેં જોયુ કે મારી માતાના ઘરમાં ઘણા બધા માણસો ઇનામ લેવા માટે એકઠા થયા છે. પણ જે માણસ દુઆ પઢવાનો હતો તે ગેરહાજર હતો. તેથી કોઇએ મને દુઆ પઢવા કહ્યું.'

આ અજબ સ્વપ્ન જોઇને હું પરેશાન થઇ ગયો. આ સ્વપ્નની તાબીર જાણવા માટે મેં એક મોટા વિદ્વાનને ઇસ્ફહાન ફોન કર્યો અને તેમને મારૂં સ્વપ્ન કહ્યું. તેણે ખુલાસો કર્યો, 'તમારા સ્વપ્નમાં ત્રણ ચીજો મહત્ત્વની છે. જેમાં સહુથી મહત્ત્વની બાબત ઝિયારતે આશૂરા છે જે તેઓએ અધવચ્ચે છોડી દીધી છે. જો તમો ઝિયારત પઢવાનું ફરી શરૂ કરી દેશો તો તમારી બધી તકલીફો દૂર થઇ જશે.'

તે વિદ્વાનના કહેવા મુજબ, મેં ઝિયારત પઢવાનું ફરી શરૂ કરી દીધું. ચાલીશમાં દિવસે અસરના વખત સુધીમાં તો મારી બધી તકલીફો દૂર થઇ ગઇ. થોડા વખત પછી, ફરી મને ઘર સંસાર તકલીફ પડી. ફરી મેં ઝિયારતે આશૂરા પઢવી શરૂ કરી. ત્રણ દિવસમાં મને તકલીફોથી રાહત મળી. આજે ખુદાના ફઝલો કરમથી, હું સુખચેનની જિંદગી વિતાવું છું.'

## (૩૭) બે નકાબપોશ માણસો

એક માણસ હતો જે દરેક ઇમામ (અ.સ.)ની વિલાદત તથા વફાતની મજલિસો કરતો હતો અને જમણની નિયાઝનો પણ બંદોબસ્ત કરતો હતો.

તે માણસ કહે છે કે 'એક દિવસ, મારા એક દોસ્તે વફાતની મજલિસ રાખી હતી. તેણે નિયાઝનું

જમણ એક વાસણમાં મને મોકલ્યું તે વખતે મારે ત્યાં થોડા મહેમાનો હતા અને તેઓની સાથે હું મશગૂલ હતો. જેથી તે વાસણ મેં ક્યાં મૂકયું છે તે મને યાદ રહ્યું નહી.'

થોડા દિવસો પછી, તેણે પોતાનું વાસણ પાછુ માંગ્યું, મેં તેને વિનંતી કરી તે પોતે મારા ઘરે આવી તે વાસણ શોધી લે કારણ કે બધા વાસણો 'મીકસ' થઇ ગયા હતા. તે મારા ઘરે આવ્યો અને પોતાનું વાસણ શોધ્યું પણ તેને જડયું નહીં. તે બહુ ગુસ્સે થઇ ગયો અને બીજાઓ સામે મારી બૂરાઇ કરવા લાગ્યો. તે જ્યાં પણ જતો હતો ત્યાં કહેતો હતો, 'હું મજલિસોનો બંદોબસ્ત કરૂ કે મારા વાસણોનું ધ્યાન રાખું?' તેની દુશ્મની અને નફરત એટલી વધી ગઇ કે દરેક મજલિસમાં તે કહેતો કે, 'હું

તેને મારૂ વાસણ પચાવી પાડવા નહી દઉં. હું ગમે તેમ તે વાસણ મેળવીને જ રહીશ.' મારા દોસ્તોએ મને સલાહ આપી કે નવું વાસણ ખરીદીને તેને આપી દઉં અને આ મામલો પતાવી દેવો. જેથી મેં નવું વાસણ ખરીદીને તેને આપી દીધું. તેણે કહ્યું, 'જો મેં કહ્યું ન હતું કે હું મારૂ વાસણ મેળવીને જ રહીશ.' આ મામલો આવી રીતે પતી ગયો પણ આ પ્રસંગથી મને ઘણું દુ:ખ થયું હતું અને હું પરેશાન રહેતો હતો. પછી એક રાત્રે આવી પરેશાનીની હાલતમાં મેં ઝિયારતે આશૂરા પઢવાનું શરૂ કર્યું અને જનાબે ઝહેરા (સ.અ.) સાથે મુનાજાત શરૂ કરી. મેં ફરિયાદ કરી, 'મારૂં સ્વમાન અને મારી ઇજ્જત ને ઠેસ પહોંચી છે, જો કે આમાં મારો કાંઇ વાંક નથી.' હું ધ્રુસ્કે ધ્રુસ્કે રોવા લાગ્યો અને મને શું કરવું તે સમજાતું ન હતું.

ત્યાર પછી, હું મારા કામમાં મશગૂલ થઇ ગયો. પછી મેં જોયું કે બે નકાબપોશ સ્ત્રીઓ મારા ઓરડામાં દાખલ થઇ. તેઓની રીતભાત પરથી તેઓ શરીફ ખાનદાનની લાગતી હતી.

હું તેઓના એહતેરામ માટે ઉભો થવાનો હતો ત્યાં તો એક બાનુએ મને ઇશારાથી બેસી રહેવાનું કહ્યું. જેવો તેણીએ ઇશારો કર્યો મારા આખા શરીરે જાણે લકવો મારી ગયો અને હું ઉભો ન થઇ શકયો. મેં બોલવાની કોશિશ કરી પણ મારા મોંઢામાંથી શબ્દો નીકળ્યા નહી. એક બાનુએ કહ્યું, 'જે માણસે તારૂં અપમાન કર્યું છે તેને કહે કે તેનું વાસણ ખોવાઇ ગયું નથી પણ તે તેના જમાઇ મહેદીના ઘરના આંગણમાં જમીનમાં દટાએલું છે. તે માણસને કહે કે, 'તને શું થઇ ગયું છે. તુ શું કામ આવી રીતે વર્તી રહ્યો છુ?'

આટલું કહીને તે બન્ને બાનુઓ ગાયબ થઇ ગઇ. આ પ્રકરણથી હું સ્તબ્ધ થઇ ગયો હતો. છેવટે હું ઉઠયો અને વિચારવા લાગ્યો કે આ બન્ને બાનુઓ કોણ હશે અને તેઓએ મારા હાથ-પગને કેવી રીતે થીજવી નાખ્યા.

પછી હું જે માણસે મારૂં અપમાન કર્યું હતું તેના ઘરે ગયો. જ્યારે તેણે મને જોયો તો ધુતકારીને મને કહ્યું, ‘તારી આંખો કેમ લાલ છે? તુ કેમ રોઇ રહ્યો છે? તું આવા કપડાં પહેરીને શું કામ આવ્યો? તને શું થઇ ગયું છે?’ મેં આખુ પ્રકરણ તેને વિગતવાર કહ્યું. જ્યારે મેં વાત પૂરી કરી ત્યારે તેને પોતાની વર્તણૂંક માટે અફસોસ થયો અને મારી માફી માંગી. ત્યાર પછી, જ્યારે પણ તે મને મળતો, મારી માફી માંગતો હતો. હું તેને જવાબ આપતો હતો, ‘આ

તારા કારણે જ મને આ માન મળ્યું.'

## (૩૮) એક બીજો પ્રસંગ

'આશૂરા અને તેના ચમત્કારીક ફાયદાઓ'ના 'પ્રુફ રીડર' લખે છે કે 'જ્યારે હું પ્રુફ વાંચી રહ્યો હતો તે વખતે મારી આંખો લાલ હતી અને સૂજી ગઇ હતી. મારી દ્રષ્ટિ પણ ઓછી થતી જતી હતી. જ્યારે મેં આ કિતાબના પ્રસંગો વાંચ્યા, મેં પણ આશૂરાના આમાલ કરવાનું નક્કી કર્યું. આ ઝિયારતની બરકતથી મારી દ્રષ્ટિ પાછી આવી ગઇ છે.

હદીસમાં છે કે ઝવ્વારે હુસૈન (અ.સ.)ના પરસેવાના હર એક ટીપાથી હક તઆલા સિત્તેર (૭૦) હજાર ફરિશ્તા પૈદા કરે છે. અને તે ફરિશ્તા તસબીહ કરે છે અને તે ઝાઇર માટે કયામત સુધી મગ્ફેરતની દુઆ કરે છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું કે તમારામાંથી જે કોઇ હજ બજાવી લાવે અને હઝરત ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત ન કરે તેણે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ના હકોમાંથી એક હક અદા કરવાનું તજી દીધું ગણાશે, કારણ કે હુસૈન (અ.સ.)નો હક ફરજ હક છે અને તે બધા મુસલમાનો પર વાજિબ કરવામાં આવ્યો છે.

હદીસમાં છે કે અગર કોઇ મોઅમીન ઇમામ હુસૈન (અ.સ.)ની કબ્રે મુબારકની ઝિયારત માટે તમન્ના કરે અને ઝિયારત કરવા પહેલા મરણ પામે તો તેના નામએ આમાલમાં ઝિયારત બજાવી લાવવાનો સવાબ લખવામાં આવશે.

# ઝિયારતે આશૂરા

અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહ. અસ્સલામો અલયક યબ્ન રસૂલિલ્લાહ, અસ્સલામો અલયક યબ્ન અમીરિલ મોઅમેનીન વબ્ન સય્યેદિલ વસીય્યીન, અસ્સલામો અલયક યબ્ન ફાતેમત સય્યેદતે નિસાઇલ આલમીન, અસ્સલામો અલય્ક યા સારલ્લાહે વબ્ન સારેહી વલ વિતરલ મવતૂર, અસ્સલામો અલય્ક વ અલલ અરવાહિલ્લતી હલ્લત બેફેનાએક અલય્કુમ મિન્ની જમીઅન સલામુલ્લાહે અબદન માબકીતો વ બકેયલ લયલો વન્નહારો યા અબા અબ્દિલ્લાહ, લકદ અઝોમતિર રઝિય્યતો વજલ્લત વ અઝોમતિલ મુસીબતો બેક અલય્ના વ અલા

જમીએઁ અહલિલ ઇસ્લામે વજલ્લત વઅઁઝઁમત મોસીઁબતોક ફિસ્સમાવાતે અઁલા જમીએઁ અહલિસ્સમાવાતે, ફ લઅઁનલ્લાહો ઉમ્મતન અસ્સસત અસાસઝ્ઝુલ્મે વલ્જવરે અઁલયકુમ અહલલબયતે વ લઅઁનલ્લાહો ઉમ્મતન દફઅઁત્કુમ અઁન મકાઁમેકુમ વઅઝાલત્કુમ અઁનમરાતેબે-કોમુલ્લતી રત્તબકોમુલ્લાહો ફીહા વ લઅઁનલ્લાહો ઉમ્મતન કઁતલત્કુમ, વ લઅઁનલ્લાહુલ મોમહહેદીન લહુમ બિતતમ્કીને મિન કિઁતાલેકુમ બરિઅતો ઇલલ્લાહે વ ઇલયકુમ મિન્હુમ વમિન અશ્યાએઁહિમ વઅત્બાએઁહિમ વ અવલિયાએહિમ યા અબા અઁબદિલ્લાહે ઇન્ની સિલ્મુન લેમન સાલમકુમ વ હઁરબુન લેમન હાઁરબકુમ ઇલા યવમિલ કિઁયામતે, વ લઅઁનલ્લાહો આલ ઝિયાદિન વ આલ મરવાન વ

લઅ્નલ્લાહો બની ઉમ્મયત કાતેબતન વ લઅ્નલ્લાહુબ્નો મરજાનત વ લઅ્નલ્લાહો ઉમરબ્ન સઅ્દિન વ લઅ્નલ્લાહો શિમ્રન વ લઅ્નલ્લાહો ઉમ્મતન અસરજત વ અલજમત વ તનક્કબત લે કિતાલેક બે અબીઅન્ત વ ઉમ્મી, લકદ અઝોમ મોસાબી બેક, ફ અસઅલુલ્લાહલ્લઝી અકરમ મકામક, વ અકરમની બેક અંય્યરઝોકની તલબ સારેક મઅ ઈમામિન મન્સૂરિન મિન અહલેબય્તે મોહમ્મદિન સલ્લલ્લાહો અલય્હે વ આલેહી, અલ્લાહુમ્મજ અલ્ની ઈન્દક વજીહન બિલહુસયને અલયહિસ્સલામ ફિદુન્યા વલ આખેરહ, યા અબા અબદિલ્લાહે ઈન્ની અતકર્રબો ઈલલ્લાહે વઈલા રસૂલેહી વ ઈલા અમીરિલ મોઅમેનીન વ ઈલા ફાતેમત વ ઈલલ હસને વ

ઈલય્ક બે મોવાલાતેક વબિલ્ બરાઅતે મિમ્મન્ કાતલક વ નસબ લકલ્ હરબ વ બિલ્બરાઅતે મિમ્મન્ અસ્સસ અસાસ ઝાલેક વ બના અલય્હે બુન્યાનહુ વ જરા ફી ઝુલ્મેહી વ જવરેહી અલય્કુમ્ વ અલા અશ્યાએકુમ્ બરિઅતો ઈલલ્લાહે વ ઈલય્કુમ્ મિન્હુમ્ વ અતકર્રબો ઈલલ્લાહે સુમ્મ ઈલય્કુમ્ બે મોવાલાતેકુમ્ વ મોવાલાતે વલિય્યેકુમ્ વ બિલ્બરાઅતે મિન્ અઅદાએકુમ્ વન્નાસેબીન લકોમુલ્ હરબ વ બિલ્બરાઅતે મિન્ અશ્યાએહિમ્ વ અત્બાએહિમ્ ઈન્ની સિલ્મુન્ લેમન્ સાલમકુમ્ વહરબુન્ લેમન્ હારબકુમ્ વ વલિય્યુન્ લેમન્ વાલાકુમ્ વ અદુવ્વુન્ લેમન્ આદાકુમ્ ફઅસ્ અલુલ્લાહલ્લઝી અકરમની બે મઅરેફતેકુમ્ વ મઅરેફતે અવલેયાએકુમ્ વરઝકનિલ્ બરાઅત

મિન અઅ્દાએકુમ અનયજ્અલની મઅકુમ ફિદ્દુન્યા વલ આખેરહે, વ અનયોસંબ્બેતલી ઈન્દકુમ કદમ સિદકિન ફિદ્દુન્યા વલ્આખેરહે, વ અસ્અલોહૂ અનયોબલ્લેગનિલ મકામલ મહ્મૂદ લકુમ ઈન્દલ્લાહે વ અનયરઝોકની તલબ સારી મઅ ઈમામિન હોદન ઝાહેરન નાતેકિન બિલ હક્કે મિન્કુમ વ અસઅલુલ્લાહ બેહક્કેકુમ વબીશ્શ અનિલ લઝી લકુમ ઈન્દહૂ અંય્યુઅતેયની બે મોસાબી બેકુમ અફઝલ માયુઅતી મોસાબન બે મોસીબતેહી મોસીબતન મા અઅ્ઝમહા, વ અઅ્ઝમ રઝીય્યતહા ફિલ ઈસ્લામે વફી જમીઈસ્સમાવાતે વલઅરઝે અલ્લાહુમ્મજ અલ્ની ફી મકામી હાઝા મિમ્મન તનાલોહૂ મિન્ક સલવાતુન વરહમતુન વમગ્ફેરતુન અલ્લાહુમ્મજઅલ મહ્યાય

મહૅયા મોહૅમ્મદિને વ આલે મોહૅમ્મદિને વ મમાતી મમાત મોહૅમ્મદિને વ આલે મોહૅમ્મદે, અલ્લાહુમ્મ ઈન્ન હાઝાં યવ્મુને તબર્રકત્ બેહી બનૂ ઉમ્મયત વબ્નો આકેલતિલે અકબાદિલે લઈનુબ્નુલે લઈને અૅલા લિસાનેક વ લિસાને નબીય્યેક સૅલ્લલ્લાહો અૅલય્હે વ આલેહી ફી કુલ્લે મવ્તેનિને વ મવકેફિને વકૅફ ફીહે નબીય્યોક સૅલ્લલ્લાહો અૅલય્હે વઆલેહી, અલ્લાહુમ્મલઅૅને અબાસુફયાન વ મોઆવિયતબ્ન અબી સુફયાન વ યઝીદબ્ન મોઆવેયહે, અૅલય્હિમે મિન્કલે લઅૅનતો અબદલે આબેદીન, વહાઝાં યવ્મુન ફરેહત્ બેહી આલો ઝિયાદિને વઆલો મરવાન બેકત્લેહેમુલે હુસયને સૅલવાતુલ્લાહે અૅલય્હે, અલ્લાહુમ્મ ફઝાઈફ અૅલય્હે મુલ્લઅૅન મિન્ક વલે અૅઝાંબ  અલ્લાહુમ્મ ઈન્ની

અતકર્રબો ઈલયક ફી હાઝલે યવમે વ ફી મવકેફી હાઝાં વ અય્યામે હયાતી બિલ બરાઅતે મિન્હુમ વલ્લઅનતે અલયહિમ વબિલ મોવાલાતે લે નબીય્યેક વ આલે નબીય્યેક અલયહે વ અલયહેમુસ્સલામ.

ત્યાર પછી સો (૧૦૦) વખત આ મુજબ પઢે

અલ્લાહુમ્મલ અન અવ્વલ ઝાલેમિન ઝલમ હક્કે મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વ આખેર તાબેઈન લહૂ અલા ઝાલેક અલ્લાહુમ્મલ અનિલ અ સા બ ત લ્લ તી જા હ દ તિ લ હુ સ ર ન અલયહિસ્સલામ, વ શાયઅત વ બાયઅત વ તાબઅત અલા કત્લેહી અલ્લાહુમ્મલ અન્હુમ જમીઆં.

ત્યાર પછી સો (૧૦૦) વખત આ મુજબ પઢે

**અસ્સલામો અલય્ક યા અબા અબ્દિલ્લાહે વ અલલ અરવાહિલ્લતી હલ્લત બેફેનાએક અલય્ક મિન્ની સલામુલ્લાહે અબદન મા બકીતો વ બકેયલ લય્લો વન્નહારો, વલા જઅલહુલ્લાહો આખેરલ અહદે મિન્ની લે ઝિયારતેકુમ, અસ્સલામો અલલ હુસયને વ અલા અલીયિબ્નિલ હુસયને વ અલા અવલાદિલ હુસયને વ અલા અસ્હાબિલ હુસયન.**

ત્યાર પછી એક વખત પઢે

**અલ્લાહુમ્મ ખુસ્સ અન્ત અવ્વલ ઝાલેમિન બિલ લઅને મિન્ની વબ્દઅ બેહી અવ્વલન સુમ્મસ્સાની, વસ્સાલેસ, વરાબેઅ, અલ્લાહુમ્મલ અન યઝીદ ખામેસન વલઅન ઓબયદલ્લાહિબ્ને ઝિયાદિન વબ્ન મરજાનત વ ઉમરબ્ન સઅદિન વ**

**શિમ્રને વ આલ અબી સુફયાન વ આલ ઝિયાદિન વ આલ મરવાન ઈલા યવમિલ કિયામહ.**

ત્યાર પછી સજદહમાં જાય અને આ મુબજ કહે :

**અલ્લાહુમ્મ લકલ હમ્દો હમ્દશ શાકેરીન લક અલા મોસાબેહિમ, અલહમ્દો લિલ્લાહે અલા અઝીમે રઝીય્યતી અલ્લાહુમ્મરે ઝુકની શફાઅતલ હુસયને યવમલ વોરૂદે વ સબ્બિતલી કદમ સિદકિન ઈન્દક મઅલ હુસયને વ અસ્હાબિલ હુસયનિલ લઝીન બઝલૂ મોહજહુમ દુનલ હુસયને અલયહિસ્સલામ.**

સલામ થાય આપ ઊપર અય અબા અબ્દિલ્લાહ, સલામ થાય આપ ઊપર અય અલ્લાહના રસૂલના ફરઝંદ, સલામ થાય આપ ઊપર અય અમીરલ મોઅ્મેનીન અને વસીઓના સરદારના ફરઝંદ, સલામ થાય આપ ઊપર અય તમામ

જહાનની ઔરતોના સરદાર જનાબે ફાતેમા ઝહેરા (સલ.)ના ફરઝંદ, સલામ થાય આપ ઊપર જેના ખૂનનો બદલો લેનાર અલ્લાહ છે. અને તેના ફરઝંદ કે જેના ખૂનનો બદલો લેનાર અલ્લાહ છે. અય કે જેના ખૂનનો બદલો લેવામાં નથી આવ્યો અને જેના સગા સબંધીઓના ખૂનનો બદલો પણ લેવામાં નથી આવ્યો સલામ થાય તમારા ઉપર અને એ રૂહો ઊપર જે તમારી બારગાહમાં આવી, જ્યા સુધી હું જીવતો રહુ અને જ્યા સુધી રાત-દિવસ બાકી રહે, અય અબા અબ્દિલ્લાહ તમારી આ મુસીબત અમારા માટે, તમામ મુસલમાનો માટે, તમામ આસમાનવાળાઓ માટે અને તમામ જમીનવાળાઓ માટે ઘણી જ દુઃખદાયક છે. અલ્લાહ લાનત કરે એ લોકો ઊપર જેમણે તમો અહલેબૈત (અ.) ઊપર ઝુલ્મ અને અત્યાચારની બુનિયાદ કાયમ કરી,

